સુવિચાર
''ગમે તેટલા સારા માણસ માટે પણ ખરાબ બોલનાર મળી રહેવાના.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૧૨/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ માગશર વદ-અમાસ વર્ષ : ૧૭ અંક : ૦૦૬

## દેશનાં ગૌરવસમા સિંહોને લાલચ આપવાની લ્હાયમાં

# લીલીયા મોટાનાં વાઘણીયામાં ગૌચરમાં જીવતા પશુઓને બાંધી દેવાયા

**લાઈન શો કરીને નાણા કમાવવામાં અમુક વનકર્મીઓને માસ્ટર માઈન્ડ માનવામાં આવી રહ્યા છે**

**નાણાનાં ભૂખ્યા ઈસમો દેશનાં ગૌરવસમા સિંહોને લલચાવે તે બાબત અતિ નિંદનીય**

**વાડ જ ચીભડા ગળે તેવી વન વિભાગની ભૂમિકા સામે ઉઠયા સવાલો**

**વન વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ વાતાનુકુલિન કચેરીમાંથી બહાર નીકળી તટસ્થ તપાસ કરે**





અમરેલી, તા. ૧૮

લીલીયા પંથક એટલે બૃહદ ગીર વિસ્તારનું જંગલ અને આ બૃહદ વિસ્તારોમાં સિંહોનું સામ્રાજય સ્થપાયું છે. ત્યારે ખુદ રખેવાળ બનેલા ચોકીદાર વનવિભાગ જ ચોર હોવા જેવું થતું હોવાની સિંહ પ્રેમીઓમાં ફરિયાદો ઉઠવા પામી છે. જેમાં લીલીયાના વાઘાણીયા વિસ્તારોમાં છેલ્લા એક માસમાં ૨૦ જેટલી મારણની ઘટનાઓ ઘટી છે ને વનવિભાગ સિંહે કરેલા શિકારને ઉપાડીને ગૌચરમાં ફેંકી આવતા હોય છે. જેથી આશરે ૬૦૦ વીઘા આસપાસનું વાઘાણીયા ગામનું ગૌચર જાણે બોડી બામણીનું ખેતર જેવો ઘાટ ઘડાયો હોવાની પ્રતીતિ જોવા મળી રહી હોય તેમ આ વાઘાણીયા ગામના ગૌચરમાં વનવિભાગના અમુક કર્મીઓ દ્વારા જીવતા પશુઓને આ ગૌચરમાં બાંધીને પોતાના અંગત ગણાતા લોકો માટે લાઈન શો થતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેમાં પશુને કોઈ વૃક્ષ સાથે બાંધીને સિંહોને લલચાવે છે ને સિંહો આ પશુઓના શિકાર કરી મિજબાની માણે ત્યાં સુધી લાઈન શો ચાલતો હોવાની જાણકારીઓ મળી રહી છે. સરકાર દ્વારા સિંહોની સુરક્ષા માટે કરોડો રૂપિયા ગ્રાન્ટ ફાળવે છે અને ખુદ વાડ જ ચીભડા ગળે તેવો ઘાટ ઘડાયો હોવાની વિગતો કર્ણોપકર્ણ સાંભળવા મળતી હોય. ત્યારે આ વાઘાણીયાના ગૌચરમાં વનવિભાગનું એક કવાર્ટર પણ ઊભું કરવામાં આવ્યું છે પણ કવાર્ટરના ઓઠા તળે વનવિભાગના કર્મીઓના સહકારથી સિંહોના લાઈવ શિકારના ચોગઠા ગોઠવાતા હોવાની ફરિયાદો સ્થાનિક માલધારીઓમાં

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં અપમૃત્યુનાં ૩ બનાવો નોંધાયા

# લાઠીના રાભડા ગામનાં આધેડે પત્ની અને પુત્ર ચાલ્યા જતાં મનમાં લાગી આવતાં ટ્રેન નીચે પડતું મુકી દીધુ

**કેરાળા ગામનાં કિશોરનું શાર્ટ લાગવાથી મોત, તો રાજુલાનો યુવકે ગળાફાંસો ખાઇ લીધો**

અમરેલી, તા.૧૮

લાઠી તાલુકાના રાભડા ગામે રહેતાં અમરશીભાઈ નાગજીભાઈ પંચાસરા નામનાં ૫૫ વર્ષીય આધેડનો નાનો દિકરો અક્ષય ધામેલ ગામમાં રહેતા અશોકભાઈ ચાવડાની પત્નિ તથા તેમની પુત્રીને લઈ ભાગી ગયેલ હોય, જે અંગે અશોકભાઈએ લાઠી કોર્ટમાં અરજી કરેલ હતી. જેથી કોર્ટ મુદત આવતા અમરશીભાઈને મનમાં લાગી આવતા ગત તા.૧૭ આશરે બપોરે ૧૨ વાગ્યે લીલીયા તાલુકાના હાથીગઢ ગામની સીમમાં આવેલ રેલ્વે ફાટક નં.૩૫ અને ૩૬ની વચ્ચે રેલ્વે પાટ્ટામાં ટ્રેનના પાટા ઉપર પડતુ મુકી દેતાં તેમને ગંભીર ઈજા થતાં મોત નીપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજા બનાવમાં જાફરાબાદ તાલુકાના કેરાળા ગામે રહેતાં ચેતન રમેશભાઈ સાંખટ નામનો ૧૨ વર્ષીય કિશોર ગત તા.૧૬ ના રોજ બપોરનાં ૩ વાગ્યે કેરાળા ગામે રણછોડભાઈના નવા બનતા મકાને પાણી છાંટતા હતા તે દરમ્યાન કોઈપણ રીતે આ કિશોરને અકસ્માતે સીંગલ ફેઝની ઈલેકટ્રીક મોટરમાંથી ઈલે.શોર્ટ લાગતા તેમનું મોત નીપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ત્રીજા બનાવમાં રાજુલા, લીપીરનીધાર પાસે રહેતાં અશોકભાઈ અમરાભાઈ કવાડ નામનાં ૩૦ વર્ષીય યુવકના પત્નિ તથા બાળકો છેલ્લા બે વર્ષથી અલગ રહેતા હોય જેથી યુવકને મનમાં લાગી આવતા ગત તા.૧૬ ના રાત્રિના આશરે સાડા આઠેક વાગ્યાથી તા.૧૭ ના આશરે સાડા છ વાગ્યે દરમિયાન રાજુલાના લીલાપીરધાર ખાતે પોતાનાં રહેણાંકના મકાનમાં ગળાફાંસો ખાઈ જતા યુવકનું મોત નીપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

17 YEARS ANNIVERSARY
અમરેલી એક્સપ્રેસ દૈનિકને..
૧૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે શુભકામના
શુભચિંતક
શ્રી કાળુભાઈ ગેલાણી - પ્રમુખ
સ્વ. અમરતબા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
વી.એલ. ગેલાણી વિદ્યાસંકુલ - બાબરા
જીવનપરા, બસ સ્ટેન્ડ સામે, મુ. બાબરા, જી. અમરેલી.મો.98798 63817

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,20,600/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૮/૧૨/૨૦૨૫ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ
જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
(ગોળ હોસ્પિટલ)
સફાઈ કર્મચારી જોઈએ છે....
પુરુષ અને મહિલાઓ માટે કમાવાની તક અને આકર્ષક પગાર સાથે આજે જ મળો......
વધુ માહિતી માટે સંપર્ક કરો
૯૯૭૮૯૬૬૬૨૯
ગોળ હોસ્પિટલ, ચિત્તલ રોડ, અમરેલી

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Franchise Development Manager - 1
Experience : 1-2 Years
• Sales & Marketing Officer - 2
Experience : 1-2 Years
• Night Billing Executive - 2
Experience : 1-2 Years
• Reporting Manager - 2
Experience : 1-2 Years
• Junior Accountant - 1
Experience : 1-2 Years
• Trainer - 1
Experience : 1-2 Years
Location : Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

## શિક્ષણ, આરોગ્ય, પરિવહન, ભૂગર્ભ ગટર, પ્રવાસન, સ્કીલ ડેવલેપમેન્ટ સહિતનાં કામો જરૂરી

# અમરેલી જિલ્લાનાં સર્વાંગી વિકાસ માટે અનેક કાર્યો કરવા જરૂરી

**જિલ્લાનાં તમામ સ્ટેટ હાઈવેને ૧૦ મીટરથી લઈને ૧૫ મીટર સુધી પહોળા કરવા જરૂરી**

**લાંબા અંતરની ટ્રેન અને બસ સેવા તેમજ મુંબઈ સુધી હવાઈ સેવા શરૂ કરવી જરૂરી**

**મેડિકલ અને એન્જિનીયરીંગ ક્ષેત્રે પણ સુવિધામાં વધારો કરવામાં આવે**

**બાલભવન, રિવરફ્રન્ટ, સ્કીલ ડેવલેપમેન્ટ, પ્રવાસન સહિતનાં અનેક ક્ષેત્રે કામગીરી કરવી પડશે**

અમરેલી, તા. ૧૮

એક સમયે અમરવલ્લી તરીખે ઓળખાતી આજની અમરેલી નગરી આઝાદીનાં ૭૮ વર્ષ બાદ વિકાસથી વંચિત રહી ગઈ હોય જાગ્યા ત્યાંથી સવાર ગણીને પૂ. ભોજલરામ બાપા, પૂ. મુળદાસબાપા, સ્વ. ડો. જીવરાજ મહેતા, કવિ હંસ, કવિ રમેશ પારેખ જેવા મહાનુભાવોની જન્મભૂમિ અને કર્મભૂમિ એવી નગરીનાં વિકાસ માટે ઓછા કાર્યો થયા છે અને વધુ વિકાસ કાર્યો કરવાનાં બાકી રહી ગયા હોય જાગ્યા ત્યાંથી સવાર ગણીને તમામ રાજકીય અને સામાજિક આગેવાનો એક અને નેક થઈને જિલ્લાનાં મુખ્ય શહેરને વિકાસની ગતિએ આગળ લઈ જાય તેવી માંગ ઉભી થઈ છે.

અમરેલીમાં પીપીપી ધોરણે ચાલતી સિવિલ હોસ્પિટલમાં આધુનિક મેડિકલ ઉપકરણો ઉપરાંત સુપર સ્પેશ્યાલીસ્ટ તબીબોનો અભાવ જોવા મળી રહ્યો છે. એન્જિનીયરીંગ કે એ.આઈ.નો અભ્યાસ મળે તેવી કોલેજની સુવિધા નથી તેમજ જિલ્લાનાં મોટાભાગનાં માર્ગો સાંકડા અથવા બિસ્માર બન્યા છે.

તદુઉપરાંત, ખેડૂતોને સિંચાઈ માટે કેનાલ દ્વારા પાણી આપવાની કોઈ વ્યવસ્થા નથી. સિંહ, દીપડા જેવા રાની પશુઓની સમસ્યા તેમજ ખેડૂતોને ખેત પેદાશોનાં પોષક્ષમ ભાવો મળતા નથી, ખેડૂતોને વધુમાં વધુ આર્થિક સહાય કરવાની સાથે પશુપાલન અને હીરા ઉદોગને પણ પ્રોત્સાહનની જરૂર છે.

અમરેલી ઉપરાંત, સમગ્ર જિલ્લામાં ભૂગર્ભ ગટરની યોગ્ય સુવિધા આપવાની સાથે ગંદકી દૂર કરવાની પણ જરૂર છે. તેમજ સરકારી ધોરણે પ્રાથમિકથી લઈને ઉચ્ચ શિક્ષણ મળી રહે, રમતગમત, સાહિત્યક્ષેત્રે પણ બાળકોને પ્રોત્સાહન મળે તેવું આયોજન કરવું જરૂરી છે.

અમરેલીમાં રિવરફ્રન્ટ બનાવીને બાલભવનનું નવિનીકરણ કરવાની સાથે અત્યાધુનિક ટાઉન હોલ બનાવીને શહેરમાં બાગ–બગીચા, મોર્ડન સર્કલ ઉભા કરવાની સાથે વ્યાપક પ્રમાણમાં વૃક્ષારોપણ, નિયમિત પીવાનું પાણી તેમજ બાળકો માટે સ્કીલ ડેવલપમેન્ટ માટે આયોજન જરૂરી છે.

તદુઉપરાંત, અમરેલી જિલ્લામાંથી અમદાવાદ, સુરત, મુંબઈ સુધી ડેઈલી ટ્રેન સેવા તેમજ મુંબઈ સુધીની ડેઈલી હવાઈ સેવા પણ ઉપલબ્ધ કરાવવાની સાથે જિલ્લાનાં તમામ માર્ગોને પહોળા કરીને નિયમાનુસાર બનાવવા જરૂરી છે.

જિલ્લાનાં સુપ્રસિધ્ધ સ્થળોમાં પણ વિવિધ સુવિધાઓ ઉભી કરવામાં આવે તો પ્રવાસન ઉદ્યોગ વિકસી શકે તેમ છે. જિલ્લાનાં સર્વાંગી વિકાસ માટે રાજય અને કેન્દ્ર સરકાર ૫ હજાર કરોડની રકમ ફાળવે અને નિષ્ણાંતોની મદદ લેવામાં આવે તો જિલ્લાનો વિકાસ રોકેટ ગતિએ થઈ શકે તેમ છે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

## રાજયનાં દરિયાઈ સુરક્ષાની તકેદારી અંતર્ગત

# જાફરાબાદનાં વઢેરાનાં દરિયાઈ વિસ્તારમાં ફૂટ અને કોસ્ટલ પેટ્રોલિંગ યોજાયુ

**પિપાવાવ સેકટરનાં ડીવાયએસપી પણ જોડાયા**



અમરેલી, તા. ૧૮

ગુજરાત રાજયના દરિયાઈ સુરક્ષાની તકેદારી અંતર્ગત આતંકવાદી પ્રવૃત્તિઓ અટકાવવા તેમજ દરિયાઈ કાંઠાનાં વિસ્તારમાં શંકાસ્પદ શખ્સોની હિલચાલ, શંકાસ્પદ બોટ વસ્તુ ડ્રગ્સ પેકેટસ બેગ તથા દાણચોરી તેમજ કેફી પદાર્થોની હેરાફેરી અટકાવવા પગલા લેવાય રહ્યા છે. ત્યારે દરિયાઈ સુરક્ષા અને મરીન ટાસ્કફોર્સના પોલીસ મહાનિરીક્ષક અને પોલીસ અધિક્ષકનાં માર્ગદર્શન હેઠળ મરિન ટાસ્કફોર્સ કામ કરી રહ્યું છે.

પિપાવાવ સેકટરના ડીવાયએસપી જી.વી. વસાવા, પીઆઈ એ.જી. ગામીત, પીએસઆઈ આર.આર. પરમાર, વી.સી. જાડેજા તેમજ તમામ કમાન્ડો ધ્વારા સંયુકત રીતે જાફરાબાદ તાલુકાના વરૂડી માતાના મંદિરે દરિયાઈ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ ધ્વારા સઘન કોસ્ટલ પેટ્રોલિયમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સઘન કોસ્ટલ પેટ્રોલિંગ દરમિયાન મરીન કમાન્ડોની અલગ અલગ ટીમો ધ્વારા શંકાસ્પદ ઈસમો, શંકાસ્પદ વાહનો, શંકાસ્પદ બોટો પ અવાવરૂ જગ્યાઓનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

## ધર્મજીવન હોસ્પિટલની અનેરી સિધ્ધિ

# અમરેલીમાં ટ્રેકટર પરથી પટકાયેલા યુવાનનાં થાપાની જટિલ સર્જરી સફળ

**સમગ્ર જિલ્લાના દર્દીઓ માટે હોસ્પિટલ અતિ ઉપયોગી**



અમરેલી, તા.૧૮

અમરેલીની નામાંકિત અને આધુનિક સુવિધાઓથી સજ્જ ધર્મજીવન હોસ્પિટલએ તબીબી ક્ષેત્રે વધુ એક અભ્દુત અને પ્રેરણાદાયી સિદ્ધિ હાંસલ કરી છે. હોસ્પિટલના નિષ્ણાંત ઓર્થોપેડિક સર્જન ડો. હરકેશ ઝાલાવાડીયા દ્વારા ૨૬ વર્ષના એક યુવાન દર્દીનું 'પેલ્વિક ફ્રેકચર'(થાપાના હાડકાં)નું અત્યંત જટિલ ઓપરેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યું છે.

તાજેતરમાં તા. ૧૦/૧૨/૨૦૨૫ ના રોજ સાંજે ૬ વાગ્યાના સુમારે બાબરા – સુખપુર રોડ પર ટ્રેકટર પરથી પડી જવાથી ૨૬ વર્ષીય યુવાનને ગંભીર અકસ્માત નડયો હતો. દર્દીને તાત્કાલિક ધર્મજીવન હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

કિલનિકલ તપાસમાં જાણવા મળ્યું હતું કે દર્દીને જમણા થાપા અને સાથળના મૂળમાં અસહ્ય દુઃખાવો હતો અને તેઓ ઉભા રહેવા કે વજન આપવા પણ સક્ષમ નહોતા. આ ઉપરાંત પેલ્વિક ઈન્જરીને કારણે પેશાબ કરવામાં તકલીફ અને પેટના ડાબી બાજુના ભાગમાં સોજો અને છોલાયેલા જખમો પણ હતા. તબીબી આલમમાં પેલ્વિક સર્જરી અત્યંત જોખમી અને પડકારરૂપ ગણાય છે, કારણ કે આ ભાગમાં શરીરની મુખ્ય નસો આવેલી હોય છે.

ડો. હરકેશએ તેમની વર્ષોની નિપુણતા અને અનુભવના આધારે મેડિકલ પરિમાણોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો. તેમણે હોસ્પિટલના અત્યાધુનિક મોડયુલર ઓપરેશન થિયેટર અને અનુભવી એનેસ્થેટિસ્ટ તથા પેરામેડિકલ સ્ટાફની મદદથી આ કઠિન સર્જરીને સફળતા પૂર્વક પાર પાડી દર્દીને નવું જીવન આપ્યું છે.

આ સફળતાએ સમગ્ર અમરેલી જિલ્લા અને સૌરાષ્ટ્ર માટે તબીબી સારવાર ક્ષેત્રે એક નવા આશાનો સંચાર કર્યો છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## ચૂંટણીમાં ગેરરીતી અટકાવવા માંગ

# અમરેલી વકીલ મંડળની ચૂંટણીને લઈને વકીલે કરી રજુઆત

**વકીલ અલ્પેશસિંહે પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૧૮

અમરેલીનાં વકીલ અલ્પેશસિંહ જનવારે બાર એસોસીએશનનાં ચુંટણી કમિશનરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, આગામી અમરેલી વકીલ મંડળની ચુંટણી તા. ૧૯/૧૨/૨૦૨૫ના રોજ યોજાનાર છે. જેમા બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયા અને બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના નીતી નિયમો અને ધારા ધોરણ મુજબ આ ચુંટણીની પ્રક્રિયા થવી જોઈએ. તેવું એક વકીલ તરીકે અમારૂ માનવું છે. કોઈપણ પ્રકારના ભેદભાવ વગર નીષ્પક્ષ રીતે અમરેલી બાર એસોસીએશનની ચુંટણી યોજાઈ તે જરૂરી છે. આ ચુંટણીમાં ઉમેદવારી નોંધાવનાર કોઈપણ ઉમેદવાર બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના નીતી નિયમોનું પાલન કરે તે જરૂરી છે. અને માટે જ અમે ભારત દેશના જાગૃત નાગરિક તરીકે તેમજ એક વકીલ તરીકે અમારા નીતીમતાના ભાગરૂપે રજુઆત કરીએ છીએ કે, નોનપ્રેકટીશ્નર વકીલો જેઓ અમરેલી વકીલ મંડળમાં નોંધાયેલા છે. અને તેઓ અન્ય જગ્યાએ ખાનગીમાં નોકરી કરતા હોય કે પોતાનો ધંધો વ્યવસાય આર્થીક ઉપાર્જન કરતા હોય તેવા વકીલો બાર કાઉન્સીલ ઓફ ગુજરાતની ગાઈડ લાઈન મુજબ અને એડવોકેટ એકટ અન્વયે મતાધિકાર ભોગવી શકે નહીં. એવા વકીલો મતદાન કરશે તો તેઓની સામે એડવોકેટ એકટ ૧૯૬૧ જોગવાઈ અન્વયે ધારા ધોરણસરની ફરિયાદ કરવા તેમજ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં તેમની સામે રજુઆત કરી તેવા વકીલોની સનદ જપ્ત કરાવવા તેમજ તેઓની સામે સખતમાં સખત પગલા લેવામાં તેવી તાકીદની સુચના આપવા તેમજ ત્વરીત ધોરણે યોગ્ય ઘટતુ આ રજુઆત છે. અમારો મુળ ઉદ્દેશ્ય એ છે કે આ અમરેલી બાર એસોસીએશનની ચુંટણીમાં કોઈપણ પ્રકારની ખોટી ગેરરીતી કોઈપણ પ્રકારનું નકારાત્મક મતદાન ન થાય તે માટે ચુંટણી કમિશ્નર બાર એસોસીએશન અમરેલીને ઉપર મુજબની નમ્ર રજુઆત છે. તો ન્યાયના હિતમાં ઉચીત કાર્યવાહી કરશે. તેવી નમ્ર વિનંતી છે. તેમ અંતમાં જણાવેલ છે.

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ
લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

## પાલિકામાંથી રોડનું ટેન્ડર મળેલ હોય જેથી કરીને

# બગસરામાં કોન્ટ્રાકટર પર હુમલો કરી ખંડણી માંગવાના કેસની તપાસ એલસીબીને સોંપાઇ

**પાંચ શખ્સોએ ખંડણી માંગી ધમકી આપી ફોર વ્હીલને બે લાખનું નુકસાન કર્યુ**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૮

બગસરા નગરપાલિકા બિલ્ડીંગ સામે રોડ ઉપર અમદાવાદનાં હાર્દિકભાઈ નટવરલાલ ઠેસિયાની એચ.એન. ઠેસિયા કન્સ્ટ્રકશન કંપનીએ બગસરામાં આરસીસી રોડનું કામ રાખેલ હોય અને તેનું બગસરા પાલિકામાંથી રોડ બાબતનું ટેન્ડર મળેલ હોય અને તેનું હાર્દિકભાઈ તથા તેના સાથેના લોકો એગ્રીમેન્ટ કરવા આવેલા હોય. જેથી કરણ નાગભાઈ વાળા તથા કપિલ જેબલિયા તથા ૩ અજાણ્યા શખ્સોને સારૂં નહીં લાગતા એક સંપ કરી ગેકાયદેસર મંડળી રચી પાઈપ અને ધોકા જેવા હથિયારો ધારણ કરી હાર્દિકભાઈની ફોર વ્હીલ ક્રેટા નં. જી.જે.–૦૧ ડબલ્યુએસ–૬૯૪૨ની ઉપર ધોકા અને પાઈપથી કારના આગળ–પાછળના કાચ તેમજ હેડલાઈટ સાઈડનાં કાચ સાઈડનાં મિરર તોડી આગળનું બોનેટ ખાલી સાઈડનો દરવાજો તોડી કારમાં આશરે બે લાખનું નુકસાન કરી હાર્દિકભાઈ તથા તેની સાથેના આવીને મારવા દોડી આરોપીઓએ હાર્દિકભાઈને કહેલ કે અહી કેમ અમારા ગામમાં તમારાથી રોડનો કોન્ટ્રાકટ રખાય અહી અમારા સિવાય કોઈને કામ કરવા દેવાના નથી અને જો કામ કરવું હોય તો અમને ખંડણી આપવી જ પડશે. તેવું કહી ખંડણી માંગી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કર્યાની બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ નોંધાતા જિલ્લા પોલીસ વડા આ કેસની ગંભીરતા લઈ તાત્કાલિક આ કેસની તપાસ એલસીબીને સોંપવામાં આવી છે.

## 3 બાળકોનું ભરણ–પોષણ પણ કરી શકે તેમ ન હોવાથી

# સાવરકુંડલામાં દિયરવટુ નિકાહ પઢવાની ના પાડનાર મહિલાને દિયરે ધમકી આપી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા.૧૮

સાવરકુંડલા ગામે મણીનગર વિસ્તારમાં રહેતી શહેનાઝબેન મુસ્તુફાભાઈ ઉમરભાઈ જાદવ નામની ૪૦ વર્ષીય મહિલાના પતિ આજથી પાંચ વર્ષ પહેલા કોરોનામાં મરણ ગયેલ હોય જેથી તેમના બન્ને પરીવારો વચ્ચે તેણીના દિયર સાથે દિયરવટુ વાળી નિકાહ પઢવાની વાત થયેલ હતી. પરંતુ તેણીના દિયર આરોપી જાહીદ ઉર્ફે બાલો કોઈ કામ ધંધો કરતા ના હોય અને મહિલાને સંતાનમાં ત્રણ ત્રણ બાળકો હોય અને જેનુ ભરણ–પોષણ આરોપી કરી શકે એમ ન હોય જેથી મહિલાએ આરોપી જાહીદ ઉર્ફે બાલો સાથે નિકાહ પઢવાની ના પાડતા ગત તા.૧૬ ના કલાક સાંજે ૭ વાગ્યે આરોપીએ ઉશ્કેરાઈ જઈ મહિલાને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

# સાવરકુંડલા : વંડા ખાતે પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં રોગી કલ્યાણ સમિતિની બેઠક યોજાઇ



સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલાનાં વંડા ગામે, પ્રાંત અધિકારી, સાવરકુંડલાની અધ્યક્ષતામાં રોગી કલ્યાણ સમિતિની મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકનો મુખ્ય હેતુ આરોગ્ય સેવાઓની ગુણવત્તા સુધારવા તેમજ હોસ્પિટલમાં દર્દીઓને મળતી સુવિધાઓની સમીક્ષા કરવાનો હતો.

બેઠક દરમિયાન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સંલગ્ન આરોગ્ય સંસ્થાઓમાં ઉપલબ્ધ સુવિધાઓ, દવાઓની ઉપલબ્ધતા, સ્વચ્છતા, સ્ટાફની કામગીરી તથા દર્દીઓની ફરિયાદો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. પ્રાંત અધિકારીએ દર્દીઓના હિતને પ્રાથમિકતા આપીને આરોગ્ય સેવાઓ વધુ અસરકારક અને સમયસર ઉપલબ્ધ થાય તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

રોગી કલ્યાણ સમિતિના સભ્યો દ્વારા હોસ્પિટલમાં પાણી, સફાઈ, લાઈટ, બેઠક વ્યવસ્થા તેમજ ઈમરજન્સી સેવાઓ અંગે પોતાના સૂચનો રજૂ કરવામાં આવ્યા હતા. સાથે સાથે ગર્ભવતી મહિલાઓ, બાળ આરોગ્ય અને વૃદ્ધ દર્દીઓ માટે ખાસ કાળજી રાખવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

બેઠકના અંતે પ્રાંત અધિકારીએ આરોગ્ય કર્મચારીઓને દર્દીઓ સાથે સૌજન્યપૂર્ણ વર્તન રાખવા તથા સરકારી માર્ગદર્શિકા અનુસાર કામગીરી કરવા આહ્વાન કર્યું હતું. આ બેઠકથી આરોગ્ય સેવાઓમાં વધુ સુધારાની અપેક્ષા વ્યકત કરવામાં આવી હતી.

## પી.પી. સવાણી ગ્રૂપ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ઐતિહાસિક સમૂહ લગ્નોત્સવ

# સુરત ખાતે 'કોયલડી દીકરીઓનાં હાથમાં મહેંદી' સાથે લગનપ્રસંગનો શુભારંભ

**યોજાયેલ મહેંદી રસમમાં દીકરીઓનાં હાથમાં મહેંદી મુકવામાં આવી**

**ઉપસ્થિત મહાનુભાવોએ પણ દીકરીઓને આશીર્વાદરૂપ મહેંદી મુકી**

**પી.પી. સવાણી ગ્રૂપનાં મહેશભાઈ સવાણીનાં સેવા કાર્યની સુવાસ ચારે દિશામાં પ્રસરી**


**આઈપીએસ, જીપીએસ કક્ષાનાં મહિલા અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા**














સુરત, તા. ૧૮

પી.પી. સવાણી પરિવાર આયોજિત "કોયલડી" લગ્ન સમારોહ પિતા વિહોણી દીકરીઓ માટે અનેરો ઉત્સવ છે. ૧૩૩ પિતા વિહોણી દીકરીઓના પાલક પિતા તરીકે મહેશભાઈ સવાણીએ રંગેચંગે ઉત્સવના આયોજનનો શુભારંભ આજે અનોખા મહેંદી સમારોહ સાથે થયો છે. આજના આ ખાસ પ્રસંગે પન્નાબેન મોમાયા (આઈપીએસ), જુલીબેન કોઠીયા (જીપીએસ), ભકિતબેન ડાભી (જીપીએસ), શ્રીમતી સંધ્યાસિંઘ ગેહલોત, શ્રીમતી ચિત્રા પ્રેમવીરસિંહ, શ્રીમતી હર્ષાબેન ગઢીયા, શ્રીમતી તૃપ્તિબેન દેસાઈ, શ્રીમતી પલ્લવીબેન ઘેલાણી, શ્રીમતી હંસાબેન પટેલ, કાજલબેન સભાડીયા, ભૂમિબેન દેસાઈ અને સવાણી પરિવારની બહેનો તથા ઉપસ્થિત મહેમાનોના હસ્તે દીપપ્રાગટ્ય કરવામાં સાથે થયું હતું. મહાનુભાવોએ દીકરીઓને આશીર્વચન આપ્યા હતા.

કાર્યક્રમમાં મહેમાનોના સન્માન અને સ્વાગત કરતાં કાર્યક્રમના પ્રણેતા મહેશભાઈ સવાણીએ જણાવ્યું હતું કે, સુરત શહેરની અધિકારી બહેનોએ સ્ત્રી તરીકે સુરતને સારી રીતે સાચવે છે, હું આ સૌ સ્ત્રી આગેવાનોના પ્રદાનને બિરદાવું છું. સાસુમાની વ્યાખ્યા કરતાં એમણે જણાવ્યું હતું કે સારૂં સૂચન કરનારી માઁ એટલે સાસુમાં. પપ્પા વગરની દીકરીઓને સાચા પપ્પાની ઓળખ મળી છે સાથે જ તમારી દરેક ઈચ્છાઓની પૂર્તિ કરતા મને જીવનની નવી દિશા આપી છે.

સુરત શહેર પોલીસ કમિશનર અનુપસિંહ ગેહલોતના ધર્મપત્ની શ્રીમતી સંધ્યાબેન ગેહલોતે પોતાનો આનંદ વ્યકત કરતાં જણાવ્યું હતું કે, લગ્ન પછી પણ પિતા તરીકેની ફરજ નિભાવે એ મહેશભાઈ સવાણી દ્વારા થતું આ સતકાર્ય છે. મહેંદી રસમ એટલે લગ્નને જીવનના અંત સુધી નિભાવવાની રસમ છે. રેન્જ આઈજી પ્રેમવીરસિંહના ધર્મપત્ની ચિત્રાબેનએ તમામ દીકરીઓને લગ્નની શુભકામના પાઠવી જણાવ્યું હતું કે, લગ્ન પછી ચાર સિમ્બોલ યાદ રાખજો, જોયા કરો, જતું કરો, જાતે કરો અને ઝૂકી જાવ. આ બાબતોનો અમલ એ લગ્ન જીવન સુખી થવા માટે ઉત્તમ મંત્ર છે. આઈપીએસ અધિકારી શ્રીમતી પન્નાબેન મોમાયાએ જણાવ્યું હતું કે, લગ્ન કરતી દીકરીઓ લગ્ન પછી પણ ભણવાનું ચાલુ રાખે, પિતાની જગ્યાએ પતિનું નામ આવશે એને સન્માન આપે. જીવનના ચાર આશ્રમ– બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વનપ્રસ્થાશ્રમ, સન્યાસશ્રમ વાત કરીને બધા જ આશ્રમોની કીધેલી વાતનું બધી દીકરીઓ સારી રીતે અનુકરણ કરવા વિનમ્ર પ્રયાસ કરવા જણાવ્યું.

પોલીસ અધિકારી શ્રીમતી જુલીબેન કોઠીયાએ જણાવ્યું હતું કે, જીવનનો નવો મોડ અને નવો વળાંક આનંદ અને ઉત્સાહથી પ્રચાર થાય એવા પ્રયત્નો કરવા એ જ સાર્થક લગ્ન જીવન માટે જરૂરી છે. શ્રીમતી ભકિતબેન ડાભી (જીપીએસ)એ જણાવ્યું હતું કે, સાસરેથી સ્મશાન સુધી જો દીકરી જાય તો એમની આત્મા વધુ પુણ્યશાળી બને છે તેવી વાત કરીને દીકરીઓને જિંદગી આનંદ અને ઉત્સાહથી પસાર કરે એવા આશીર્વાદ આપ્યા હતા. શ્રીમતી હર્ષાબેન ગઢીયા જણાવ્યું હતું કે, આવા ઉત્તમ સેવાકીય કાર્યો મહેશભાઈ નિરંતર કરતા રહે તેવી ઈર શકિત અર્પે અને તમામ દીકરીઓ હસતી–ખેલતી પી.પી. સવાણીના આંગણેથી વિદાઈ થાય તેવા આશીર્વાદ આપ્યા હતા.

જાણીતા વકતા અને લાઈફ કોચ મનીષભાઈ વઘાસિયાએ ભાવસભર વાત દીકરીઓને કરતાં કહ્યું હતું કે, હું કોણ છું, હું કયાં છું, હું કેવી છું ત્યારે માત્ર એક નામ યાદ આવે મારા પાલક પિતા મહેશભાઈ સવાણીને ત્યાં. જયાં હું સૌથી વધુ ખુશી મહેસુસ કરૂં છું અને સાસરે ગયા પછી પણ કાયમ આનંદ અને ઉત્સાહથી જીવન જીવી શકીશ તેવા વિચારો આજે જો હું કરી શકતી હોય તો એ માત્ર મારા પાલક પિતાના કારણે. તેમજ મારૂં જીવન મારા પાલક પિતા માટે જેમણે મને સાચો રસ્તો બતાવ્યો, સાચી દિશા આપી સંસારના સાચા પાઠ શીખવ્યા, મને સાચું જીવતા શીખવ્યું, હું ખૂબ ખૂબ આભારી છું કે મને આવા પાલક પિતા મળ્યા. હું આખી જિંદગી તેમની આભારી છું. એમણે મહેંદી રસમનો પહેલો સિદ્ધાંત પરિવારને રંગબેરંગી બનાવવાની શરૂઆત છે એમ જણાવ્યું હતું.

આગામી શનિવાર તા. ૨૦મી એ પ્રથમ અને રવિવાર ૨૧ ડિસેમ્બરએ બીજા એમ બે દિવસમાં ૧૩૩ દીકરીઓને સાસરે વાળાવશે. બે દિવસ ચાલનારા લગ્નોત્સવમાં અનેક રૂઢિઓ અને માન્યતાઓને દૂર કરી સામાજિક ચેતનાના અનેક સંદેશ સમાજને આપવામાં આવશે. બંને દિવસ રાજકીય, અધિકારી, સંત સમાજ અને સામાજિક અગ્રણીઓ હાજર રહી દીકરીઓનું કન્યાદાન કરીને આશીર્વાદ આપશે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241


















### પહાડો પર બરફવર્ષા, ઉત્તર ભારતમાં એલર્ટ

# ઉત્તર ભારતના પર્વતીય રાજ્યોમાં ઠંડીનું મોજું તીવ્ર બની રહ્યું છે

## શ્રીનગરમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૧.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું : ઝોજીલા પાસનું તાપમાન માઈનસ ૧૬ ડિગ્રી નોંધાયું

નવી દિલ્હી, તા.૧૮

ડિસેમ્બર મહિનાની ઠંડી દેશના વિવિધ ભાગોમાં અલગ-અલગ સ્વરૂપોમાં દેખાવા લાગી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તર ભારતના પર્વતીય રાજ્યોમાં ઠંડીનું મોજું તીવ્ર બની રહ્યું છે, ત્યારે મેદાની વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ અને તાપમાનમાં ઘટાડો જનજીવનને અસર કરી રહ્યો છે. કેટલાક વિસ્તારોમાં દિવસના તાપમાનમાં અસામાન્ય વધારો પણ નોંધાયો છે, જે દેખીતી રીતે વિરોધાભાસી હવામાન પેટર્ન બનાવે છે. IMD અનુસાર, જમ્મુ અને કાશ્મીર પર ઉપરના હવાના જથ્થામાં સક્રિય પશ્ચિમી વિક્ષેપ હાજર છે, જે પશ્ચિમથી પૂર્વ સુધી ફેલાયેલો છે. ઠંડી, ધુમ્મસ અને પર્વતીય વિસ્તારોમાં હવામાન પરિવર્તન ઝડપી બની રહ્યું છે. ઠંડી અને ધુમ્મસને કારણે લોકોને આરોગ્ય અને મુસાફરીની સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે.

આ દરમિયાન, કાશ્મીર ખીણમાં ઠંડીની અસરોનો અનુભવ ચાલુ છે. શ્રીનગરમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૧.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે ઝોજીલા પાસનું તાપમાન માઈનસ ૧૬ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી ગયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી થોડા દિવસો સુધી ખીણમાં ઠંડીથી કોઈ રાહત મળવાની શક્યતા નથી. સ્ઢ એ જણાવ્યું હતું કે ૧૮ થી ૩૧ ડિસેમ્બર દરમિયાન ઉત્તર અને મધ્ય કાશ્મીરના ઊંચા વિસ્તારોમાં હળવો બરફવર્ષા શક્ય છે. ૨૦ અને ૨૧ ડિસેમ્બરે કાશ્મીરના મેદાની વિસ્તારોમાં પણ હળવો વરસાદ થવાની સંભાવના છે.

હાલમાં, ઉત્તરાખંડમાં દિવસ દરમિયાન હવામાન શુષ્ક અને તડકો રહે છે, પરંતુ સવાર અને સાંજે અત્યંત ઠંડુ રહે છે. વિભાગના જણાવ્યા અનુસાર, ૨૧ ડિસેમ્બરે ઉત્તરકાશી, ચમોલી, રુદ્રપ્રયાગ અને પિથોરાગઢના ઊંચા વિસ્તારોમાં હળવી બરફવર્ષા અને નીચલા વિસ્તારોમાં હળવો વરસાદ થવાની સંભાવના છે.

રાજસ્થાનમાં પણ ઠંડીની અસર સ્પષ્ટપણે દેખાઈ રહી છે. રાજ્યના ઘણા વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ચાર ડિગ્રી સેલ્સિયસથી નીચે આવી ગયું છે. નાગૌરમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન ૩.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે સીકરના ફતેહપુરમાં ૩.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

શિમલા હવામાન કેન્દ્ર અનુસાર, ૨૦ અને ૨૧ ડિસેમ્બરે ઊંચા પર્વતીય વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષા શક્ય છે.૧૮ ડિસેમ્બરે મેદાની વિસ્તારો, બિલાસપુરમાં ભાકરા ડેમ વિસ્તાર અને મંડીમાં બલહ ખીણ માટે યલ્લો ચેતવણી જારી કરવામાં આવી છે, સવારે અને સાંજે ગાઢ ધુમ્મસની ચેતવણી આપવામાં આવી છે. હિમાચલ પ્રદેશમાં વધતા તાપમાન વચ્ચે, ધર્મશાલાએ બુધવારે ગરમીનો રેકોર્ડ તોડ્યો. બુધવારે ધર્મશાલામાં ડિસેમ્બરનો સૌથી ગરમ દિવસ હતો. ધર્મશાલામાં મહત્તમ તાપમાન ૨૬.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ૨૦૧૦માં અગાઉનું સૌથી વધુ ૨૫.૪ ડિગ્રી સેલ્સિયસ હતું.

### હિજાબ વિવાદ પર જાવેદ અખ્તરે રોકડું પરખાવ્યું

# હું બુરખાની વિરુદ્ધ પરંતુ નીતિશ કુમારે બિનશરતી માફી માંગવી જોઈએ

## બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર દ્વારા મુસ્લિમ મહિલાનો હિજાબ ઉતારવાના કૃત્યને લઈને વિવાદ વધ્યા

પટણા, તા.૧૮

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની હરકતને લઈને હવે દેશભરમાં ભારે વિરોધ થઈ રહ્યો છે. સામાન્યથી સેલિબ્રિટીઝ નીતિશ કુમાર પાસે માફી માંગવાની માંગ કરી રહ્યા છે. જણાવી દઈએ કે, ઝાયરા વસીમ, રાખી સાવંત અને સના ખાન અને હવે, જાવેદ અખ્તરે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે. તેમણે નીતિશ કુમાર પાસેથી માફીની માંગ કરતી સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે. જાવેદ અખ્તરે એક પોસ્ટ શેર કરી છે. તેમણે લખ્યું છે કે, "જે લોકો મને સહેજ પણ ઓળખે છે, તેઓ જાણે છે કે, હું પડદાના પરંપરાગત ખ્યાલનો કેટલો વિરોધ કરું છું, પરંતુ તેનો અર્થ એ નથી કે, હું કોઈપણ રીતે માની લઉં કે, શ્રી નીતિશ કુમારે મુસ્લિમ મહિલા ડૉક્ટર સાથે જે કર્યું તે વાજબી હતું. હું તેની કડક શબ્દોમાં નિંદા કરું છું. શ્રી નીતિશ કુમારે તે મહિલાની બિનશરતી માફી માંગવી જોઈએ."

ઉલ્લેખનીય છે કે, જાવેદ અખ્તર પહેલા પણ બોલિવૂડની ઘણી હસ્તીઓ પોતાનો ગુસ્સો વ્યક્ત કરી ચૂકી છે. ઝાયરા વસીમે સોશિયલ મીડિયા પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો. તેણીએ લખ્યું હતું કે, "સ્ત્રીની ગરિમા અને શિષ્ટાચાર સાથે રમવું યોગ્ય નથી, ખાસ કરીને જાહેર મંચ પર. એક મુસ્લિમ મહિલા તરીકે, બીજી મહિલાનો બુરખો આટલી સરળતાથી ખેંચવામાં આવે છે, અને તે પણ હસતા-હસતી, તે ખૂબ જ ગુસ્સે કરનારું હતું. સત્તા કોઈને પોતાની હદ ઓળંગવાની મંજૂરી આપતી નથી. નીતિશ કુમારે તે મહિલાની માફી માંગવી જોઈએ."

સનાએ એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેણીએ નીતિશ કુમારનું નામ લીધા વિના પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો. તેણીએ કહ્યું કે, "થોડા દિવસો પહેલા, અમારી એક હિજાબી બહેનનો હિજાબ, જેનો અર્થ થાય છે બુરખો, તે ફેસ કવર હતું. જ્યારે અમારા આદરણીય રાજકારણી તેણીને પ્રમાણપત્ર આપી રહ્યા હતા, ત્યારે મને ખબર નથી કે, તેના અંદર એવું શું ઉત્તેજિત થયું કે, તેનો ચહેરો જોવાની આટલી તાલાવેલી લાગી, અને પછી તેણે બુરખો ઉતારી દીધો હતો. આશ્ચર્યજનક રીતે, તેની પાછળના લોકો ગધેડાની જેમ હસતા હતા. વીડિયો જોઈને, મને લાગ્યું કે તેને કાન નીચે થપ્પડ મારી દઉં. હું તેનાથી એટલી ગુસ્સે થઈ ગઈ હતી, સામાન્ય વાત એ છે કે, કોઈને પણ ગુસ્સો આવી જશે."

રાખી સાવંતે સોશિયલ મીડિયા પર એક વીડિયો પણ શેર કર્યો છે, જેમાં બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને માફી માંગવા કહ્યું છે. વીડિયોમાં તેણીએ કહ્યું કે, "નીતીશ જી, તમને ખબર હોવી જોઈએ કે, મુસ્લિમ મહિલાઓ ઈસ્લામમાં હિજાબ પહેરે છે, પરંતુ તમે તે ઉતારી નાખ્યો. જો હું બધાની સામે તમારી ધોતી ઉતારીશ તો તમને કેવું લાગશે?"આ ઘટના ૧,૦૦૦ થી વધુ આયુષ ડોકટરોને નિમણૂક પત્ર વિતરણ સમારોહ દરમિયાન બની હતી. એક મુસ્લિમ મહિલા, ડૉ. નુસરત પરવીન, હિજાબ પહેરીને સ્ટેજ પર દેખાઈ હતી. સમારંભનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં નીતિશ કુમાર ડૉક્ટરનો હિજાબ ખેંચી રહ્યા છે, જેનાથી તેણી તે ગભરાઈ ગઈ હતી. આ ઘટના સામે આવતા જ સોશિયલ મીડિયા પર વિવાદ થયો છે.

### ૧૦૦ વર્ષની વયે લીધા અંતિમ શ્વાસ

# ગુજરાતમાં વિશ્વની સૌથી ઉંચી મૂર્તિ બનાવનાર રામ વનજી સુતારનું નિધન

## ૭૦ વર્ષના કરિયરમાં તેમણે દેશ અને દુનિયાને એવી અનમોલ કૃતિઓ આપી છે, જેના માટે તેઓ હંમેશા યાદ રહેશે

નોઈડા, તા.૧૮

પથ્થરોમાં જીવ ફૂંકનાર જાદુગર તરીકે જાણીતા ભારતીય શિલ્પકાર રામ વણજી સુતારનું અવસાન થયું છે. આ કલા જગતમાં એક યુગનો અંત આવ્યો છે. રામ વણજીએ ૧૭ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ મધ્યરાત્રિએ નોઈડા સ્થિત તેમના નિવાસસ્થાને ૧૦૦ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. રામ સુતાર એ માત્ર ભારતમાં જ નહીં પરંતુ યુનાઈટેડ સ્ટેટ્સ, ફ્રાન્સ અને ઈટાલી સહિત વિશ્વના ઘણા દેશોમાં મહાત્મા ગાંધીની પ્રતિમાઓ સ્થાપિત કરીને ભારતને ગૌરવ અપાવ્યું હતું. ૧૦૦ વર્ષની ઉંમરે પણ રામ સુતાર સક્રિય હતા અને અનેક મોટા પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યા હતા. રામ સુતારનો જન્મ ૯ ફેબ્રુઆરી, ૧૯૨૫ના રોજ મહારાષ્ટ્રના ધુલે જિલ્લાના ગોંડુર ગામમાં થયો હતો. તેમણે મુંબઈની પ્રસિદ્ધ જે.જે. સ્કૂલ ઓફ આર્ટસમાંથી અભ્યાસ કર્યો હતો અને પોતાના ૭૦ વર્ષના લાબા કરિયરમાં ભારતીય મૂર્તિકલાને એક નવી ઉંચાઈએ પહોંચાડી. તેમણે ગુજરાતમાં સ્થિત વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' (સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમા) તૈયાર કરી હતી.

દિલ્હીમાં સંસદ ભવનની બહાર ધ્યાનમગ્ન મુદ્રામાં બેઠેલા ગાંધીજીની કાંસ્ય પ્રતિમા તેમણે બનાવી હતી. મધ્યપ્રદેશના ગાંધી સાગર ડેમ પર સ્થાપિત ૪૫ ફૂટ ઊંચી વિશાળ મૂર્તિ પણ તેમણે બનાવી હતી. આ સિવાય તેમણે ડો. બી.આર. આંબેડકર, છત્રપતિ શિવાજી મહારાજ અને મહારાજા સુહેલદેવ જેવી મહાન વિભૂતિઓની પ્રતિમાઓ પણ બનાવી છે. શિલ્પ ક્ષેત્રે તેમના યોગદાનને માન્યતા આપતા ભારત સરકાર અને અનેક રાજ્ય સરકારોએ તેમને સર્વોચ્ચ નાગરિક સન્માનથી નવાજ્યા છે, તેમના યોગદાન અને કાર્યોને માન્યતા આપી છે.

ભારત સરકારે રામજી સુતારને ૧૯૯૯માં પદ્મશ્રી અને ૨૦૧૬માં પદ્મ ભૂષણથી સન્માનિત કર્યા હતા. ૨૦૧૬માં તેમને ટાગોર કલ્ચરલ હાર્મની એવોર્ડ પણ મળ્યો હતો. તાજેતરમાં, નવેમ્બર ૨૦૨૫માં, તેમને મહારાષ્ટ્રના સર્વોચ્ચ પુરસ્કાર, "મહારાષ્ટ્ર ભૂષણ" થી સન્માનિત કરવામાં આવ્યા હતા, જે તેમના ઘરે અર્પણ કરવામાં આવ્યો હતો.

અહેવાલ છે કે રામ સુતાર ઘણા દિવસોથી બીમાર હતા અને ઘરે જ તેમની સારવાર ચાલી રહી હતી, પરંતુ ગઈકાલે રાત્રે તેમનું અવસાન થયું. રામ સુતાર છેલ્લા કેટલાક દિવસોથી બીમાર હતા અને ઘરે જ તેમની સારવાર ચાલી રહી હતી. તેમના નિધનથી કલા જગતે એક મહાન રત્ન ગુમાવ્યું છે.

### વિપક્ષે શિવરાજ સિંહ પર ફેંક્યા કાગળના ટુકડા

# ભારે વિરોધ વચ્ચે લોકસભામાંથી પસાર થયું "જી રામ જી" બિલ

## વિપક્ષે સરકાર પર મહાત્મા ગાંધીનું અપમાન કરવાનો અને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગારંટી અધિનિયમના પ્રાવધાનોને નબળા પાડવાનો આરોપ લગાવ્યો

નવી દિલ્હી, તા.૧૮

અત્યારે સંસદનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે અને આજે સંસદમાં વિપક્ષનો જોરદાર હોબાળો જોવા મળી રહ્યો છે, કારણ કે સદનમાં જી રામ જી બિલ રજૂ કરવામાં આવ્યું હતું.

લોકસભામાં ગુરુવારે વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) (VB-G RAM G) બિલ, ૨૦૨૫ પાસ થઈ ગયું છે. જોકે, આ દરમિયાન વિપક્ષી સાંસદોએ જોરદાર હોબાળો મચાવ્યો. વિપક્ષે સરકાર પર મહાત્મા ગાંધીનું અપમાન કરવાનો અને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગારંટી અધિનિયમ (MGNREGA)ના પ્રાવધાનોને નબળા પાડવાનો આરોપ લગાવ્યો. એટલું જ નહીં, વિપક્ષી સાંસદોએ શિવરાજ સિંહ ચૌહાણ સામે કાગળના ટુકડા ફેક્યાં.

કોંગ્રેસના સાંસદ કે.સી વેણુગોપાલે સ્પીકરને કહ્યું કે, વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) વિધેયક (ફમ્ન્ન ઈઠ્ઠદ્વ ૨)ને કોઈ સ્થાયી સમિતિ અથવા સંયુક્ત સંસદીય સમિતિને મોકલવામાં આવે. જોકે, અધ્યક્ષે એવું કહીને વિનંતીને ફગાવી દીધી કે આ વિધેયક પર ૧૪ કલાકથી વધુ સમય સુધી ચર્ચા થઈ ચૂકી છે. આ દરમિયાન, વિપક્ષે હોબાળો મચાવતા કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ચર્ચા ચાલુ રાખવાની માંગ કરી.

કૃષિ મંત્રી શિવરાજ સિંહે કહ્યું કે, કેટલી યોજનાઓના નામ નેહરુ પરિવાર પર રાખવામાં આવ્યા છે. રાજીવજીના નામે ૫૫ રાજ્ય સરકારની યોજનાઓના નામ રાખવામાં આવ્યા. ૭૪ રસ્તાઓના નામ રાજીવ ગાંધીના નામે, ૧૫ નેશનલ પાર્ક નેહરુજીના નામે રાખવામાં આવ્યા. નામ રાખવાની સનક કોંગ્રેસની છે. આપને જણાવી દઈએ કે, કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ ૧૬ ડિસેમ્બરે કહ્યું હતું કે, અમે આ બિલનો વિરોધ કરીએ છીએ. દરેક યોજનાનું નામ બદલવાનું કારણ અમને સમજમાં નથી આવતું.

શિવરાજ સિંહે કહ્યું કે, કોંગ્રેસ ક્યારેય ગાંધીજીને માનતી નથી. અમે ગાંધીજીને માનીએ છીએ. ગાંધીજીએ કહ્યું હતું કે આઝાદી મળી ગઈ છે તો કોંગ્રેસને ભંગ કરી દેવી જોઈએ. જે દિવસે કાશ્મીરને વિશેષ દરજ્જો આપવામાં આવ્યો, તે દિવસે બંધારણની હત્યા થઈ ગઈ. મોદી સરકારે મનરેગામાં અનેક પ્રકારની ખામીઓ દૂર કરી છે. મનરેગામાં અનેક પ્રકારે ભ્રષ્ટાચાર થયો છે.

શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે, મનરેગાનું નામ પહેલા મહાત્મા ગાંધીના નામે નહોતું રાખવામાં આવ્યું. તે તો પહેલા નરેગા હતું. પછી જ્યારે ૨૦૦૯ની ચૂંટણીઓ આવી ત્યારે ચૂંટણી અને વોટના કારણે મહાત્મા ગાંધી યાદ આવ્યા. ગાંધી બાપુ યાદ આવ્યા. ત્યારે તેમાં મહાત્મા ગાંધી જોડવામાં આવ્યા.

જોકે, શિવરાજ સિંહના નિવેદન બાદ લોકસભામાં વિપક્ષી સાંસદોએ ભારે હોબાળો મચાવ્યો. તેથી લોકસભામાં VB–G Ram G બિલ પસાર થયા બાદ સ્પીકર ઓમ બિરલાએ સંસદની કાર્યવાહી શુક્રવાર ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરી દીધી છે.

### પંજાબમાં ફરી આમ આદમી પાર્ટીની પ્રચંડ લહેર!

# પંજાબમાં સ્થાનિક ચૂંટણીમાં કોંગ્રેસ-ભાજપના સૂપડાં સાફ

## આ સરકારના કામનું ઈનામ છે : અરવિંદ કેજરીવાલ

ચંદીગઢ, તા.૧૮

પંજાબમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની લહેર જોવા મળી છે. કોંગ્રેસ, શિરોમણી અકાલી દળ અને ભાજપ રેસમાં ઘણા પાછળ રહી ગયા છે. જિલ્લા પરિષદ અને પંચાયતની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ૧ હજારનો આંકડો પાર કરી લીધો છે. ૫૦ ટકાથી વધુ જિલ્લા પરિષદમાં આમ આદમી પાર્ટીનું શાસન રહેશે.

જિલ્લા પરિષદમાં ૩૪૬ ઝોન છે, જેમાંથી ૨૨માં તો આમ આદમી પાર્ટીનો નિર્વિરોધ વિજય થયો. બાકી ૩૨૪માંથી ૩૨૨ના પરિણામ જાહેર થયા છે. જેમાં ૨૦૧ પર આમ આદમી પાર્ટીનો વિજય થયો છે.

પંચાયત સમિતિની વાત કરીએ તો ૨૩૮૮ ઝોન છે. જેમાંથી ૩૩૯માં આમ આદમી પાર્ટીનો પાર્ટીનો નિર્વિરોધ વિજય થયો. અત્યાર સુધીના પરિણામોમાં AAPનો ૯૭૭ પંચાયત સમિતિમાં વિજય થયો છે.

ચૂંટણી પરિણામોના આંકડા

જિલ્લા પરિષદ

આમ આદમી પાર્ટી : ૨૦૧
કોંગ્રેસ : ૬૦
અકાલી દળ : ૩૯
ભાજપ : ૪
બીએસપી : ૩
અન્ય : ૧૦

પંચાયત સમિતિ

આમ આદમી પાર્ટી : ૯૭૭
કોંગ્રેસ : ૪૮૭
અકાલી દળ : ૨૯૦
ભાજપ : ૫૬
બીએસપી : ૨૬
અન્ય : ૧૧૨

પાર્ટીની ભવ્ય જીત પર પ્રતિસાદ આપતા 'આપ' સંયોજક અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, 'પંજાબના લોકોએ સરકારના કામ પર મહોર મારી છે. અમે કોઈ સરકારી મશીનરીનો દુરુપયોગ કર્યો નથી અને નિષ્પક્ષ રીતે ચૂંટણી યોજાઈ છે.'

ચૂંટણી દરમિયાન કોંગ્રેસ અને શિરોમણી અકાલી દળે સત્તાધારી પક્ષ પર ગંભીર આક્ષેપો કર્યા હતા. વિપક્ષોનું કહેવું છે કે સરકારે જાણીજોઈને તેમના ઉમેદવારોના ફોર્મ રદ કરાવ્યા હતા અને મતદાનના દિવસે ખુલ્લેઆમ ધાંધલી કરવામાં આવી હતી. જોકે, ચૂંટણી પંચ અને સરકાર આ દાવાઓને નકારી રહ્યા છે.

### આંશિક ઉપાડની સંખ્યા ૩થી વધારી ૪ કરાઈ

# NPSના નિયમોમાં ફેરફાર, હવે ૮૦% ભંડોળ ઉપાડી શકાશે

## ૬૦ વર્ષની નિવૃત્તિ વય પછી ઓછામાં ઓછા ત્રણ વર્ષના સમયગાળા સાથે ત્રણ વખત આંશિક ઉપાડની મંજૂરી પણ અપાઈ

નવી દિલ્હી, તા.૧૮

પેન્શન નિયમનકારી સંસ્થા PFRDAએ નિયમોમાં સુધારો કરીને નેશનલ પેન્શન સિસ્ટમ (NPS)ના બિન-સરકારી સબ્સ્ક્રાઈબર્સને એક્ઝિટ સમયે અથવા પેન્શન એકાઉન્ટ બંધ કરતી વખતે કુલ જમા ભંડોળના 80 ટકા સુધીની રકમ ઉપાડવાની મંજૂરી આપી છે. અગાઉ ઉપાડની આ મર્યાદા 60 ટકા હતી. ઉપાડની આ મર્યાદામાં વધારો કરવાથી NPS સબ્સ્ક્રાઈબર્સને તેમની જરૂરિયાતો અનુસાર જમા ભંડોળનો ઉપયોગ કરવા માટે વધુ સ્વતંત્રતા મળશે.અગાઉ પેન્શન એકાઉન્ટ બંધ કરવાના સમયે મહત્તમ 60 ટકા રકમ જ ઉપાડી શકાતી હતી.

બાકીની 40 ટકા રકમમાંથી માસિક પેન્શન મળતું હતું. હવે 80 ટકા ઉપાડ કરી શકશે અને 20 ટકા રકમમાંથી પેન્શન મળશે. 12 ડિસેમ્બર 2025ના રોજ નિયમોમાં કરેલા સુધારા મુજબ હવે NPS ખાતાઓને ગીરવે મુકીને PFRDA દ્વારા નિર્ધારિત મર્યાદામાં બેન્કો કે નાણા સંસ્થાઓ પાસેથી લોન પણ લઈ શકાશે.આંશિક ઉપાડની સંખ્યા પણ અગાઉની ત્રણથી વધારીને ચાર કરી છે. જોકે દરેક ઉપાડ વચ્ચે ચાર વર્ષનો સમયગાળો રહેવો જોઈએ. 60 વર્ષની નિવૃત્તિ વય પછી ઓછામાં ઓછા ત્રણ વર્ષના સમયગાળા સાથે ત્રણ વખત આંશિક ઉપાડની મંજૂરી પણ અપાઈ છે.

સરકારી કર્મચારીઓના કિસ્સામાં એક્ઝિટની ઉંમર 75થી વધારીને 85 વર્ષ કરાઈ છે. સબ્સ્ક્રાઈબર્સ 85 વર્ષના થાય ત્યાં સુધી અથવા એક્ઝિટ થવાના વિકલ્પનો ઉપયોગ ન કરે ત્યાં સુધી NPSમાં રોકાણ ચાલુ રાખી શકે છે. સરકારી કર્મચારીઓ પણ એક્ઝિટ સમયે 60 ટકા રકમ ઉપાડી શકશે.

### નિર્માણ ખર્ચ કરતા વધુ વસૂલી

# ગુજરાતમાં બિસ્માર હાઈવે છતાં ૮૭૦૨ કરોડ ટોલટેક્સનું ઉઘરાણું

## વરસાદી પાણીથી નેશનલ હાઈવે પણ બાકાત રહી શક્યા ન હતા અમદાવાદથી હિંમતનગર સુધી નેશનલ હાઈવે ખખડધજ

નવી દિલ્હી, તા.૧૮

ગુજરાતમાં કેટલાય ઠેકાણે નેશનલ હાઈવે બિસ્માર અવસ્થામાં છે પરિણામે વાહનચાલકોને હેરાનગતિ ભોગવવી પડી રહી છે. ખખડધજ હાઈવે હોવા છતાંય વાહનચાલકો પાસેથી ટોલટેક્સનું ઉઘરાણું કરવામાં આવી રહ્યું છે. રાજ્યમાં છેલ્લાં પાંચ વર્ષમાં ટોલટેક્સ પેટે વાહનચાલકો પાસેથી કુલ મળીને રૂ. ૮૭૦૨ કરોડ જેટલી માતબર રકમ વસૂલાઈ છે.

આ વખતે ભારે વરસાદને કારણે શહેર, જીલ્લા ઉપરાંત હાઈવે પણ ધોવાયા હતા. રસ્તાની દુર્દશાને કારણે સરકાર પર ચારેકોરથી માછલાં ધોવાયા હતા, પરિણામે રાજ્ય સરકારે રસ્તાની મરામતને લઈને આદેશ આપવા પડ્યાં હતાં. એટલુ જ નહી, પ્રભારી મંત્રીઓને મત વિસ્તારમાં દોડાવી રસ્તાઓ વિશે જાણકારી મેળવી રિપોર્ટ કરવા સૂચના આપી હતી.

આ તરફ, વરસાદી પાણીથી નેશનલ હાઈવે પણ બાકાત રહી શક્યા ન હતા. અમદાવાદથી હિંમતનગર સુધી નેશનલ હાઈવે ખખડધજ બન્યો હતો તેમ છતાંય વાહનચાલકો નાછૂટકે ટોલટેક્સ ચૂકવવો પડ્યો હતો. હાઈવેના બિસ્માર હાલતને પગલે છેક દિલ્હી સુધી રજૂઆત થઈ હતી. આખરે ખુદ કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરી ગાંધીનગર દોડી આવ્યા હતાં અને બેઠક યોજીને અધિકારીઓને હાઈવેના સમારકામને લઈને સૂચના આપવી પડી હતી.

ગુજરાતમાં હાલ નેશનલ હાઈવે પર કુલ ૬૨ ટોલ છે જ્યાં જીપ-કારથી માંડીને ભારે વાહનો પાસેથી રૂ. ૭૦થી માંડીને રૂ.૫૦૦ સુધી ટોલ ટેક્સ લેવાય છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ગુજરાતમાં વાહનચાલકો પાસેથી રૂ. ૧૧૯૬ કરોડ ટોલટેક્સ વસૂલાયો હતો જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫માં ટોલટેક્સની બમણી વસૂલાત થઈ હતી. આ સમયગાળા દરમિયાન રૂ. ૨૧૧૩ કરોડ ટોલ ટેક્સનું ઉઘરાણું કરાયુ હતું. આ ઉપરાંત જે વાહનચાલકો પાસે ફાસ્ટટેગ ન હતો. તેમની પાસેથી રૂ. ૭૮.૫૮ કરોડ ખંખેરી લેવાયાં હતાં.

ટૂંકમાં, ઉખડખાબડ હાઈવે હોવા છતાંય વાહનચાલકોના પૈસે સરકારી તિજોરી છલકાઈ હતી. નોંધ લેવા જેવી વાત એ છે કે, હાઈવેના નિર્માણ પાછળ જેટલો ખર્ચ થયો છે જેના કરતાં ટોલટેક્સ ઉઘરાવી બમણી વસૂલાત કરાઈ છે. આધુનિકતાની વાતો કરાય છે પણ આજે પણ ગુજરાતમાં ફાસ્ટટેગ હોવા છતાંય ટોલનાકા પર વાહનોની લાંબી કતારો લાગે છે.

### નીતિન ગડકરીની મોટી જાહેરાત

# હાઈવે પર અકસ્માત થાય તો મદદ કરનારા રાહવીરને મળશે રૂ.૨૫ હજારનું ઈનામ

## ભારતમાં દર વર્ષે અંદાજે ૫ લાખ અકસ્માત થાય છે, જેમાં ૧.૮૦ લાખ લોકોના મોત થાય છે : કેન્દ્રિય મંત્રી

નવી દિલ્હી, તા.૧૮

ભારતમાં દર વર્ષે લાખો લોકો રોડ એક્સિડન્ટમાં પોતાનો જીવ ગુમાવે છે. આ ગંભીર સ્થિતિને જોતા કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ લોકસભામાં એક મોટી જાહેરાત કરી છે. જે મુજબ હાઈવે પર અકસ્માત સમયે ઘાયલ વ્યક્તિની મદદ કરનાર માણસને હવે રાહવીર તરીકે ઓળખાશે અને તેને સરકાર તરફથી ૨૫,૦૦૦ રૂપિયાનું રોકડ ઈનામ પણ આપવામાં આવશે. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન ગડકરીએ જણાવ્યું કે, ભારતમાં દર વર્ષે અંદાજે ૫ લાખ અકસ્માત થાય છે, જેમાં ૧.૮૦ લાખ લોકોના મોત થાય છે. સૌથી દુઃખદ વાત એ છે કે, આ મૃત્યુ પામનારાઓમાં ૬૭% લોકો ૧૮થી ૩૪ વર્ષની વયના યુવાનો હોય છે. AIIMSના એક રિપોર્ટને ટાંકીને તેમણે કહ્યું કે, જો અકસ્માતનો ભોગ બનેલા લોકોને સમયસર હોસ્પિટલ પહોંચાડવામાં આવે (ગોલ્ડન અવરમાં સારવાર મળે) તો દર વર્ષે ૫૦,૦૦૦ લોકોના જીવ બચાવી શકાય તેમ છે. સામાન્ય રીતે રોડ અકસ્માત સમયે લોકો પોલીસ કે કાયદાકીય ગૂંચવણોમાં ફસાઈ જવાની બીકે ઘાયલ વ્યક્તિની મદદ કરતા અચકાતા હોય છે, પરંતુ હવે આ ડર રાખવાની કોઈ જરૂર નથી. આ મામલે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ સ્પષ્ટતા કરી છે કે મદદ કરનાર વ્યક્તિએ પોલીસના ચક્કર કાપવા નહીં પડે. ઉલટાનું, માનવતા બતાવીને ઘાયલને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડનાર વ્યક્તિને સરકાર રાહવીર તરીકે ઓળખાવશે અને તેમને પ્રોત્સાહનના ભાગરૂપે રૂ.૨૫,૦૦૦નું ઈનામ પણ આપવામાં આવશે. સરકારનો ઉદ્દેશ્ય લોકોમાં રહેલા ડરને દૂર કરી એક સુરક્ષિત અને મદદરૂપ સામાજિક વાતાવરણ ઊભું કરવાનો છે. કેન્દ્રીય મંત્રીએ વધુમાં જણાવ્યું કે, અકસ્માતના પહેલા ૭ દિવસની સારવાર ખૂબ મહત્ત્વની હોય છે. તેથી સરકારે નિર્ણય લીધો છે કે, ઘાયલ વ્યક્તિની ૭ દિવસ સુધીની સારવાર અને દોઢ લાખ રૂપિયા સુધીનો ખર્ચ સરકાર ઉઠાવશે. આ રકમ સીધી હોસ્પિટલના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે, જેથી ખાનગી હોસ્પિટલો પણ પૈસાના અભાવે સારવાર રોકી ન શકે.

નીતિન ગડકરીએ અફસોસ વ્યક્ત કરતા કહ્યું કે, લોકોમાં ટ્રાફિકના નિયમો પ્રત્યે આદર કે ડર ઓછો છે. સરકારે સુરક્ષા માટે કારમાં ૬ એરબેગ અને નવા ટુ-વ્હીલર સાથે ૨ હેલ્મેટ આપવાના નિયમો બનાવ્યા છે. અમિતાભ બચ્ચન જેવા સ્ટાર્સ દ્વારા પણ જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે. તેમજ લોકોએ પોતાની વર્તણૂક બદલવી પડશે અને ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરવું પડશે.

### સતત આઠ દિવસ સુધી સોંગનું શૂટિંગ કર્યું

# રજનીકાંતની જેલર ટુમાં નોરા ફતેહીનું ડાન્સ સોંગ હશે

મુંબઈ, તા.૧૮

રજનીકાંતની 'જેલર ટુ'માં નોરા ભાટિયાનું એક ડાન્સ સોંગ હશે. પાર્ટ વનમાં તમન્ના ભાટિયાનું 'કવ્વાલા' ડાન્સ સોંગ હતું અને તે ભારે લોકપ્રિય થયું હતું. હવે પાર્ટ ટુમાં નોરા ભાટિયાનું ડાન્સ સોંગ સામેલ કરાયું છે. નોરાએ ચેન્નઈમાં સતત આઠ દિવસ સુધી આ સોંગનું શૂટિંગ કર્યું હતું. આ સોંગ માટે સ્ટુડિયોમાં નહિ પરંતુ આઉટડોર શૂટિંગ કરાયું હતું. જોકે, આ સોંગમાં તેની સાથે કોણ સ્ક્રીન શેર કરી રહ્યું છે કે ગીતના શબ્દો શું હશે તેની વિગતો સર્જકોએ ગુપ્ત રાખી છે. 'જેલર ટુ'ના ડાયરેક્ટર નેલ્સન દિલીપકુમાર છે. આ ફિલ્મમાં ફરી રજનીકાંત મુખ્ય ભૂમિકામાં દેખાશે. તેની સાથે રામ્યા ક્રિષ્ણન સહિતના કલાકારો હશે. ફિલ્મનું શૂટિંગ આ મહિનામાં પૂર્ણ થયા બાદ આવતાં વર્ષે એપ્રિલ-મેમાં રજૂ કરવાનું પ્લાનિંગ છે.

### સુવર્ણ નગરીમાં પાર્ક બનાવવો જરૂરી છે

# લ્યો બોલો : સાવરકુંડલામાં વયોવૃધ્ધ નાગરિકો માટે સીનિયર સિટીઝન પાર્ક જેવું કશુ જ નથી

## પાલિકાનાં શાસકો સીનિયર સિટીઝનની માંગ પૂર્ણ કરે



સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા શહેરમાં સિનિયર સિટીઝનો માટે સિટીઝન પાર્ક કેટલા.? ગામતળની ભાષામાં કહીએ તો જેને ગામનો ચોરો કહે તેવા પણ શહેરના વયોવૃધ્ધ નાગરિકો માટે બેસવા હરવા કરવાના જાહેર સ્થળો કયાંય છે ખરાં? હા, કોઈ મંદિરના ઓટલે કદાચ વયોવૃધ્ધ લોકો ઈશ્વરનું સ્મરણ કરતાં બેઠા હોય છે. પરંતુ મુક્તરીતે રીતે નિરાંતની પળોમાં વ્યસ્ત થવા માટે જુવાનિયાની ભીડ વચ્ચે વયોવૃધ્ધોને ભારે અકળામણ થતી હોય. એ પણ નિશ્ચિત છે. ઘરમાં પણ લાંબો સમય વિતાવવો વયોવૃધ્ધ નાગરિકો માટે કપરો હોય છે. સાવરકુંડલા શહેરમાં એક લટાર લગાવતાં એ તો સ્પષ્ટ જાણવા મળ્યું કે આવા સિનિયર સિટીઝનો માટે સિટીઝન પાર્કનો અભાવ જોવા મળે છે. લગભગ સાંઈઠ વર્ષ સુધી નોકરી, મજૂરી, વેપાર કે અન્ય વ્યવસાયો કરીને સરકારને પણ યથાયોગ્ય પરોક્ષ અને પ્રત્યક્ષ વેરા ભરીને દેશના વિકાસ માટે જેનું મોટું યોગદાન હોય છે. તંત્ર તેવા વયોવૃધ્ધ નાગરિકોના સુખાકારીની સગવડો માટે ઊણું ઊતરતું જોવા મળે છે. આમ પણ સિનિયર સિટીઝનોની સંખ્યા પણ માતબર હોય છે. લગભગ કુલ આબાદીના એક તૃતીયાંશ આબાદી તો વયોવૃધ્ધ લોકોની હોય છે એટલે એની પ્રાથમિક સુખ સુવિધા વિશે પણ સરકાર દ્વારા પૂરતાં પ્રમાણમાં પ્રયાસો કરવા જરૂરી છે. સાવરકુંડલા શહેરમા આવેલ મોટાભાગની સોસાયટીમાં આવેલા જાહેર સાર્વજનિક પ્લોટોમાં મંદિરો તો જોવા મળે છે.પરંતુ સિનિયર સિટીઝન પાર્ક માટે પણ તંત્ર દ્વારા ઠોસ આયોજન કરવામાં આવે તો સિનિય સિટીઝનોએ જયાં ત્યાં કોઈના ઓટા પર ન બેસવું પડે. સાવરકુંડલા શહેરમાં વયોવૃધ્ધ લોકો માટે પૂરતા પ્રમાણમાં સિનિયર સિટીઝન પાર્ક બને તે ઈચ્છનીય છે. અને સમયની માંગ પણ છે. જયારે સાવરકુંડલા શહેરમાં વિકાસની વાતોએ વેગ પકડ્યો હોય. ત્યારે સાવરકુંડલા શહેરમાં પણ વોર્ડ વાઈઝ સિનિયર સિટીઝન પાર્કનું નિર્માણ કરવા અંગે સિનિયર સિટીઝન સંગઠન સાવરકુંડલાનાં પ્રવક્તા બિપીનભાઈ પાંધીએ જાહેર માંગ કરી.

### વંડા : સ્ટુડન્ટ પોલીસ કેડેટ

# એસ.પી.સી. દ્વારા રમતોત્સવ યોજાયો



સાવરકુંડલા, તા. ૧૮

પોલીસ સ્ટેશન વંડાના પી. એસ. આઈ પી. જી. રામાણી તેમજ એ.ડી.આઈ. વિરલબેનના માર્ગદર્શન હેઠળ પી.પી.એસ. હાઈસ્કૂલ એસ.પી.સી. સ્ટુડન્ટ પોલીસ કેડેટ વંડા દ્વારા ગ્રામીણ યુવા બહેનો માટ ખેલ શરદોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પી.સી. વિરલબેન બી. જાની, પી.સી. કાજલબેન બી. મકવાણા, પી.સી. રંજનબેન એન. ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. રમતોત્સવ અંતર્ગત ખોખો – કબડ્ડી વિગેરે રમતોની સ્પર્ધા ઓ યોજવામાં આવી હતી સી.પી.ઓ. કોમ્યુનીટી પોલીસ ઓફિસરે ફરી તરીકે ફરજ બજાવી હતી. તેમજ વિજેતા ટીમને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતાં. એમ દીપકભાઈ ઝડફિયાની એક યાદીમાં જણાવાયું હતું.

### આગામી ૩૧ ડીસેમ્બર સુધીમાં

# તાર ફેન્સિંગ યોજના અન્વયે પુર્વ મંજુરી મેળવનાર લાભાર્થીઓ કલેઈમ રજુ કરે

## તાલુકા વિસ્તરણ અધિકારી તેમજ ગ્રામ સેવકને કાગળો રજુ કરે

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાં તાર ફેન્સિંગ યોજના અમલી છે. અમરેલી જિલ્લામાં તાર ફેન્સિંગ યોજના અન્વયે પૂર્વ મંજૂરી મેળવી છે તેવા તમામ લાભાર્થીઓએ નિયત સમય મર્યાદામાં કલેઈમ રજૂ કરવા. તાર ફેન્સિંગ યોજનામાં તા.૦૧.૦૯.૨૦૨૫ થી તા.૩૦.૦૯.૨૦૨૫ સુધીમાં પ્રથમ તબક્કામાં ૩૩૧ લાભાર્થીઓને પૂર્વમંજૂરી આપવામાં આવી છે.

નિયત ડિઝાઈન અને સ્પેસિફિકેશન ઠરાવની શરતો મુજબ તાર ફેન્સિંગ બનાવવાની સંપૂર્ણ કામગીરી દિન-૬૦માં પૂર્ણ કરી સામાન ખરીદીના જીએસટી વાળા પાકા અસલ બિલ અને અન્ય જરૂરી દસ્તાવેજો સહિત જરૂરી તમામ સાધનિક કાગળો સંબંધિત જે-તે તાલુકા વિસ્તરણ અધિકારી (ખેતી) તેમજ ગ્રામસેવકને જમા કરાવવા.

વધુમાં સરકારના નીતિ નિયમોનુસાર તા.૩૧.૧૨.૨૦૨૫ સુધીમાં જિલ્લા કક્ષાએ નિયત સમય મર્યાદામાં કલેઈમ રજૂ કરવામાં નહિ આવે તો તાર ફેન્સિંગ યોજનામાં સહાય મેળવવા માંગતા નથી તેવું માનીને આ અંગેની પૂર્વ મંજૂરી અને અરજીને દફતરે (ફાઈલે) કરવામાં આવશે. તાર ફેન્સિંગ યોજનામાં પૂર્વ મંજૂરી મેળવી હોય તેવા તમામ ખેડુતોને તે બાબતની નોંધ લેવા અમરેલીજિલ્લા ખેતીવાડી અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### ધારી રેન્જ વિસ્તારમાં ચીખલકુબા પ્રાકૃતિક કેન્દ્ર ખાતે

# જાફરાબાદ : વાપાળીયા પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓનો સહશૈક્ષણિક પ્રવાસ યોજાયો

## ત્રિદિવસીય શિબિરની મુલાકાત લીધી



અમરેલી, તા. ૧૮

વાપાળીયા પ્રાથમિક શાળના વિદ્યાર્થીઓએ સહશૈક્ષણિક પ્રવાસ અંતર્ગત ધારી રેન્જ વિસ્તારના ''ચીખલકુબા પ્રાકૃતિક કેન્દ્રની'' ત્રિ-દિવસીય શિબિર કેમ્પની મુલાકાત લીધી. જેમાં શાળાના ૧૫ વિદ્યાર્થીઓ અને શાળાના શિક્ષક ક્રિષ્નાભાઈ બાંમણીયા ૧૫/૧૨/૨૦૨૫ થી ૧૭/૧૨/૨૦૨૫ સુધી ત્રણ દિવસ અને બે રાત્રી રોકાયા હતા. આ સમય દરમિયાન વિદ્યાર્થીઓએ ફોરેસ્ટ વિભાગના કર્મચારી ભરત સિંહ તથા દિપક ગુજરાતીના માર્ગદર્શન હેઠળ ગાઢ જંગલમા ટ્રેકિંગ, વિવિધ વનસ્પતિની સમજ, ઉપયોગ, વિવિધ પ્રકારના વિહંગોની માહિતી, સાપ વિશેની સમજ મેળવી તેમજ સુલેમાન કુટિયો, અને રાવલ ડેમ ફોરેસ્ટ વિસ્તારમા ટ્રેકિંગ કરેલ. શિબિરમા વિદ્યાર્થીઓએ વહેલી સવારે ઉઠીને યોગ પ્રાણાયામ કરવામાં આવતો હતો પૌષ્ટિક નાસ્તો તથા પૌષ્ટિક ભોજન અને રહેવાની વ્યવસ્થા સરસ રીતે કરવામા આવી હતી, આ ઉપરાંત રાત્રે આકાશ દર્શન દ્વારા તારા મંડળ, ઉલ્કાઓ, ગ્રહોની માહિતી બાળકોને મળી તેમજ સિંહની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ, પક્ષી જગતની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ બતાવી હતી, રાત્રે ખુલા આકાશ નીચે કેમ્પ ફાયર (તાપણા)મા લોકગીત, સંગીત વાદન ડાયરાની રમઝટ મહેફિલ પણ બાળકોએ કરીને રંગ જમાવી દીધો. બાળકો પ્રકૃતિની નજીક આવે અને તેનું રક્ષણ કરતા શીખે તેની માહિતી પણ ફોરેસ્ટ વિભાગ દ્વારા આપવામાં આવી, વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ, ટોપી, પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવ્યા. પ્રકૃતિના સાનિધ્યમા બા વાપાળીયા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ સહશૈક્ષણિક પ્રવાસ અંતર્ગત ધારી રેન્જ વિસ્તારના ''ચીખલકુબા પ્રાકૃતિક કેન્દ્રની'' ત્રિ-દિવસીય શિબિર કેમ્પની મુલાકાત લીધી. જેમાં શાળાના ૧૫ વિદ્યાર્થીઓ અને શાળાના શિક્ષક ક્રિષ્નાભાઈ બાંમણીયા ૧૫/૧૨/૨૦૨૫ થી ૧૭/૧૨/૨૦૨૫ સુધી ત્રણ દિવસ અને બે રાત્રી રોકાયા હતા. આ સમય દરમિયાન વિદ્યાર્થીઓએ ફોરેસ્ટ વિભાગના કર્મચારી ભરત સિંહ તથા દિપક ગુજરાતીના માર્ગદર્શન હેઠળ ગાઢ જંગલમા ટ્રેકિંગ, વિવિધ વનસ્પતિની સમજ, ઉપયોગ, વિવિધ પ્રકારના વિહંગોની માહિતી, સાપ વિશેની સમજ મેળવી તેમજ સુલેમાન કુટિયો, અને રાવલ ડેમ ફોરેસ્ટ વિસ્તારમા ટ્રેકિંગ કરેલ. શિબિરમા વિદ્યાર્થીઓએ વહેલી સવારે ઉઠીને યોગ પ્રાણાયામ કરવામાં આવતો હતો પૌષ્ટિક નાસ્તો તથા પૌષ્ટિક ભોજન અને રહેવાની વ્યવસ્થા સરસ રીતે કરવામા આવી હતી, આ ઉપરાંત રાત્રે આકાશ દર્શન દ્વારા તારા મંડળ, ઉલ્કાઓ, ગ્રહોની માહિતી બાળકોને મળી તેમજ સિંહની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ, પક્ષી જગતની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ બતાવી હતી, રાત્રે ખુલા આકાશ નીચે કેમ્પ ફાયર (તાપણા)મા લોકગીત, સંગીત વાદન ડાયરાની રમઝટ મહેફિલ પણ બાળકોએ કરીને રંગ જમાવી દીધો. બાળકો પ્રકૃતિની નજીક આવે અને તેનું રક્ષણ કરતા શીખે તેની માહિતી પણ ફોરેસ્ટ વિભાગ દ્વારા આપવામાં આવી, વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ, ટોપી, પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવ્યા. પ્રકૃતિના સાનિધ્યમા બાળકોને ખુબ મજા આવી. બાળકોને ખુબ મજા આવી.

### કેન્દ્ર સરકારે સંસદમાં વિગતો રજુ કરી

# લ્યો બોલો : ૧લી એપ્રિલ ૨૫થી ૩ ડીસેમ્બર ૨૫ સુધી કમોસમી વરસાદથી નુકસાની શુન્ય

## કેન્દ્રિય અને રાજય સરકારની આંટીઘુંટીમાં ખેડૂતો મુશ્કેલીમાં : ડો.દોશી

અમદાવાદ, તા. ૧૮

૧/૪/૨૦૨૫ થી ૩/૧૨/૨૦૨૫ સુધીના કમોસમી વરસાદથી થયેલા નુકસાનની વિગતો કેન્દ્ર સરકારે સંસદમાં શૂન્ય બતાવી છે, જેથી કેન્દ્રીય સ્તરે વધારાની સહાય મળી શકે તેવી તક પણ ગુમાવી દીધી છે. એનો અર્થ ગુજરાતની ભાજપ સરકારે ગુજરાતમાં કમોસમી વરસાદથી થયેલા ભારે નુકસાનની વિગતો કેન્દ્ર સરકારને જણાવી નથી કે શું ? સંસદમાં રજુ થયેલા તથા વાસ્તવિક આંકડાઓથી ભાજપ સરકારની ખેડૂત, ખેતી અને ગામડા વિરોધી નીતિઓ વધુ એક વખત ખુલ્લી પાડતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભારે કમોસમી બિનહિસાબી વરસાદે ખેડૂતોના તૈયાર પાકો, મગફળી, કપાસ, જીરૂં, ડાંગર વગેરેનો વ્યાપક નાશ કર્યો છે. સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદે ખેડૂતોને ભારે આર્થિક નુકસાન પહોંચાડ્યું છે. દિવાળીના બીજા દિવસે ગુજરાતી નવા વર્ષની શરૂઆત થાય છે અને તે જ સમયે ખેડૂતો ચોમાસુ પાકની કાપણી શરૂ કરે છે, પરંતુ આ વર્ષે સતત વરસાદને કારણે તૈયાર પાક સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે. પાક તૈયાર થાય ત્યાં સુધી ખેડૂતોએ મોટા ખર્ચા કર્યા હોય છે, અને કુદરતી આફતથી તેઓ બરબાદ થઈ ગયા છે.

ભાજપ સરકારની નીતિઓને કારણે ખેતીના ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે, જેનાથી ગુજરાતના ખેડૂતો અત્યંત કફોડી સ્થિતિમાં મુકાયા છે. વર્ષ ૨૦૨૨માં ખેતીની આવક બમણી કરવાની વાતો કરનાર મોદી સરકારમાં ખેતીનો ખર્ચ બમણો થયો અને આવક અડધી થઈ ગઈ છે. ગુજરાતના ૫૬ લાખ ખેડૂતો પર આશરે ૧.૬૨ લાખ કરોડ જેટલું દેવું છે બીજી બાજુ ભાજપ સરકારના અત્યાચારી નિર્ણયોને કારણે પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (પી.એમ.એફ.બી.વાય.) વર્ષ ૨૦૨૦થી બહાર નીકળી ગયા છે. આના કારણે એક પણ ખેડૂતને વીમાનો લાભ મળ્યો નથી અને એક પણ રૂપિયાનું વળતર મળ્યું નથી. સમગ્ર દેશના મોટાભાગના રાજયોમાં ખેડૂતોને ફસલ વીમા યોજનાનો લાભ મળે છે, પરંતુ કેન્દ્ર અને રાજય બંનેમાં ભાજપની સરકાર હોવા છતાં ગુજરાતના ખેડૂતોને આ યોજનાથી વંચિત રાખવામાં આવ્યા છે. આ ભાજપ સરકારની સીધી ખેડૂત વિરોધી નીતિ છે. જો પાક વીમા યોજના ચાલુ હોત તો આજે ખેડૂતોને આત્મહત્યા કરવી ન પડી હોત અને તેમને તેમના નુકસાનનું પૂર્ણ વળતર મળી ગયું હોત. આ વરસાદી આફતથી નિરાશ થઈને સૌરાષ્ટ્રમાં ખેડૂતોએ આત્મહત્યા કરી છે.રાજય સરકારે જાહેર કરેલું રૂ.૧૦,૦૦૦ કરોડનું રાહત પેકેજ નજીવી અને મશ્કરી સમાન છે. તેમાં મર્યાદિત વિસ્તારોને જ આવરી લેવામાં આવ્યા છે, હેક્ટર દીઠ રૂ. ૨૨,૦૦૦ (મહત્તમ ૨ હેક્ટર સુધી)ની સહાય છે, અને અનેક શરતોને કારણે ખેડૂતોને પૂર્ણ ન્યાય નથી મળી રહ્યો. વાસ્તવિક નુકસાનની સરખામણીએ આ રકમ મશ્કરી સમાન છે.

કેન્દ્ર અને રાજયની ડબલ એન્જીન સરકાર ખેડૂતોના હિતમાં નિર્ણય કરે તેવી માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના તાત્કાલિક અમલમાં મૂકવા માટે રાજય સાથે ચર્ચા કરીને તેને પુનઃશરૂ કરવામાં આવે, જેથી આવનારી ઋતુઓમાં ખેડૂતો સુરક્ષિત રહે. આ વખતની કમોસમી વરસાદની આપદાથી પ્રભાવિત ગુજરાતના ખેડૂતોને વધારાનું કેન્દ્રીય સ્તરે પૂર્ણ વળતર અને સહાય પૂરી પાડવામાં આવે, જેથી તેમનું સંપૂર્ણ નુકસાન ભરપાઈ થઈ શકે અને વધુ આત્મહત્યાઓ અટકે. આ મુદ્દો ખેડૂતોના જીવન-મરણનો છે, તેથી તાત્કાલિક હસ્તક્ષેપ જરૂરી છે.

# બગસરા : પીઠડીયા ગામે રોડ તેમજ ગટર લાઈનનું ૧૮ લાખનાં કામોનું ખાતમુહૂર્ત કરાયું



બગસરા, તા.૧૮

મળતી વિગત મુજબ બગસરા તાલુકાના પીઠડીયા ગામે સીસી રોડ તેમજ ગટર લાઈનના કામ ૧૮ લાખના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિ ધારાસભ્ય જે.વી.કાકડિયા તેમજ બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર તેમજ મહામંત્રી પ્રકાશભાઈ પરમાર, દેવરાજભાઈ રાંક તેમજ બગસરા તાલુકા પંચાયત પ્રમુખ બાબુભાઈ બકરાણીયા તેમજ બગસરા તાલુકા પંચાયત સદસ્ય ચંદુભાઈ નાકરાણી તેમજ બગસરા માર્કેટિંગ યાર્ડ ચરમેન કાંતિભાઈ વેકરીયા તેમજ પીઠડીયા ગામના સરપંચ અરવિંદભાઈ ચૌહાણ, રામભાઈ વાળા, ભીમભાઈ બોઘરા તેમજ હરેશભાઈ ખેતાણી, અશોકભાઈ ગઢીયા, રાજુભાઈ રાબડીયા ખાસ ઉપસ્થિત રહિયા હતા.

આ કાર્યક્રમમાં બગસરા તાલુકા પંચાયતના સદસ્યઓ, બગસરા તાલુકા ભાજપના હોદેદારોઓ, બગસરા તાલુકાના ગામોના સરપંચઓ, પીઠડીયા ગામના આગેવાનઓ સાથે તમામ ગ્રામજનો તેમજ બગસરા તાલુકા ભારતીય જનતા પાર્ટીના તમામ કાર્યકર્તા ઉપસ્થિત રહિયા હતા.

# ધારી : પ્રજ્ઞાચક્ષુ RBI AGM દ્વારા નાણાકીય સાક્ષરતા શિબિર યોજાઈ




અમરેલી,તા.૧૮

ધારી તાલુકા પંચાયત ખાતે ગત તા .૧૧ ના રોજ ભારતીય રિઝર્વ બેન્ક અમદાવાદ નાણાકીય સમાવેશન અને વિકાસ વિભાગ દ્વારા સેલ્ફ હેલ્પ ગ્રુપના હોદ્દેદાર બહેનો માટે નાણાકીય સાક્ષરતા માટે એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં આર.બી.આઈ.અમદાવાદથી આસિસ્ટન્ટ જનરલ મેનેજર ભુપેન્દ્ર ત્રિપાઠી,નાબાર્ડના ડીડીએમ ભાવના મેડમ તેમજ એફ.એલ.સી. પિયુષ શાહ, તથા સી.એફ.એલ. મિત્રો, સેલ્ફ હેલ્પ ગ્રુપના હોદ્દેદારો હાજર રહ્યા હતા.આર.બી.આઈ.આસિસ્ટન્ટ જનરલ મેનેજર ભુપેન્દ્ર ત્રિપાઠી દ્વારા એસ.એચ.જી. માટેની આર.બી.આઈ.ની વિવિધ યોજનાઓ વિશે, અસરકારક અને રસપ્રદ રીતે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. તથા બેન્કીંગ ઓમ્બૂડસમેનને લગતાં આર.બી.આઈ.ના નિયમો અને શરતો વિશે માહિતી આપવામા આવી હતી, બેંકની સરકારી યોજના તેમજ ઓનલાઈન થતા ફ્રોડથી બચવા શું સાવધાની રાખવી તેની પણ સમજ આપવામાં આવી હતી. તાલીમ સેશન પૂર્ણ થયા બાદ પ્રશ્નોતરી સેશન કરવામાં આવ્યો હતો. તેમાં તાલીમ દરમ્યાન શીખવાડેલ માહિતીના ઉપસ્થિતોને પ્રશ્નો પૂછવામાં આવ્યાં હતાં. સાચાં જવાબ આપેલ બહેનોને આર.બી.આઈ. તરફથી ઈનામ પણ વિતરણ કરવામાં આવ્યા હતાં. એફ.એલ.સી.પિયુષ શાહ દ્વારા નાણાંકીય સાવચેતી, બેન્ક ખાતાનું પરિચલન, સરકારની ઓછા પ્રિમિયમની અકસ્માત અને જીવન વીમાની અટલ પેન્શન યોજનાની જાણકારી આપવામાં આવી હતી. શિબિર દરમિયાન ૨૭ જેટલા બહેનો હાજર રહ્યા હતા. તાલીમના અંતમાં તમામ ઊપસ્થિત દરેક બહેનોને આર.બી.આઈ. તરફથી ઉપયોગી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

# લાઠી તાલુકાના લાલજી દાદાના વડલા ખાતે પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજાઈ



લાઠી, તા.૧૮

લાઠી તાલુકામાં આવેલા લાલજી દાદાના વડલા ખાતે પ્રાકૃતિક ખેતી અંગે વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ તાલીમમાં તાલુકાના ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ, તેના ફાયદા તેમજ ખર્ચ ઘટાડીને વધુ ઉત્પાદન કેવી રીતે મેળવવું તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં પ્રોજેકટ ડાયરેકટર, તાલુકા વિકાસ અધિકારી (ટીડીઓ) તેમજ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના પ્રિન્સિપાલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. મહેમાનો દ્વારા ખેડૂતોને રાસાયણિક ખાતર અને કીટનાશક દવાઓના અતિશય ઉપયોગથી થતા નુકસાન અંગે સમજાવવામાં આવ્યું હતું અને પ્રાકૃતિક ખેતી દ્વારા જમીનની ઉર્વરાશક્તિ કેવી રીતે જાળવી શકાય તે બાબતે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના પ્રિન્સિપાલે જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત જેવી પદ્ધતિઓ અંગે પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું હતું. ટીડીઓ દ્વારા સરકારની વિવિધ યોજનાઓ અને પ્રાકૃતિક ખેતી અપનાવનાર ખેડૂતોને મળતી સહાય અંગે માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે ખેડૂતો દ્વારા પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું, જેમાં ખેડૂતોના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા. આ તાલીમથી ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી પ્રત્યે રસ વધ્યો હોવાનું જણાયું હતું.

### સાસંદ સુતરીયા અને ધારાસભ્ય તળાવીયાની જહેમત બાદ

# અરે વાહ : લાઠી-ભુરખીયા-દામનગર માર્ગને ૫.૫ મીટરથી વધારી ૧૦ મીટર કરાશે

## વાહનચાલકો અને હનુમાન ભક્તોમાં ખુશીનો માહોલ



અમરેલી, તા. ૧૮

લાઠી, ભુરખીયા, દામનગર માર્ગને ૫.૫ મીટર પહોળાઈમાંથી વધારીને ૧૦ મીટર પહોળો બનાવવા માટે રૂ. ૪૬ કરોડના ખર્ચે મહત્વપૂર્ણ મંજૂરી આપવામાં આવી છે. આ વિકાસકાર્યને મંજૂરી અપાવવામાં સાંસદ ભરત સુતરીયા તથા લાઠી ધારાસભ્ય જનક તળાવીયાની સતત મહેનત અને અસરકારક રજૂઆતોને કારણે શક્ય બન્યું છે.

લાંબા સમયથી આ માર્ગ સંકુચિત હોવાને કારણે વાહનવ્યવહાર માટે મુશ્કેલીઓ સર્જાતી હતી. ખાસ કરીને ભારે વાહનો, યાત્રિકો તથા સ્થાનિક નાગરિકોને અવરજવર દરમિયાન અડચણોનો સામનો કરવો પડતો હતો. હવે રોડને ૧૦ મીટર પહોળો બનાવવામાં આવતા ટ્રાફિક સમસ્યાઓ દૂર થશે તેમજ માર્ગ સલામતીમાં પણ નોંધપાત્ર વધારો થશે.

આ રોડ પર સુપ્રસિદ્ધ ભુરખીયા હનુમાનજી મંદિર આવેલ છે, જયાં દરરોજ તેમજ ખાસ તહેવારો અને મંગળવાર-શનિવારે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. રોડ પહોળો થવાથી યાત્રિકોને સુગમ અને સલામત મુસાફરીની સુવિધા મળશે, જેના કારણે ધાર્મિક પ્રવાસનને પણ પ્રોત્સાહન મળશે.આ વિકાસકાર્યથી લાઠી, ભુરખીયા અને દામનગર વિસ્તારના વેપાર, ખેતી અને ઉદ્યોગોને નવી ગતિ મળશે. સ્થાનિક લોકો માટે રોજગારની તકો વધશે તેમજ વિસ્તારના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો મળશે.

આ અવસરે સાંસદ ભરત સુતરીયાએ જણાવ્યું હતું કે, ''વિસ્તારના વિકાસ માટે રોડ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવું અત્યંત જરૂરી છે. આ મંજૂરીથી લોકોની વર્ષોથી રહેલી માંગ પૂર્ણ થઈ છે.'' જયારે ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું કે, ''જનહિતને ધ્યાનમાં રાખી સરકાર સુધી અસરકારક રજૂઆત કરી હતી, જેના સકારાત્મક પરિણામ આજે જોવા મળ્યા છે.''લાઠી, ભુરખીયા, દામનગર રોડના વિસ્તરણથી સમગ્ર વિસ્તારના નાગરિકોમાં આનંદ અને ઉત્સાહની લાગણી વ્યાપી છે અને લોકોએ આ મહત્વપૂર્ણ વિકાસકાર્ય બદલ સરકાર તેમજ જનપ્રતિનિધિઓનો આભાર વ્યકત કર્યો છે.

# બાબરામાં પીએમ તાલુકા શાળાના વિદ્યાર્થીઓએ પોલીસ સ્ટેશનમાં મુલાકાત કરી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં પીએમ તાલુકા શાળાના વિદ્યાર્થીઓએ આચાર્ય દક્ષાબેન સરવાળીયાના માર્ગદર્શન હેઠળ અહીં પોલીસ સ્ટેશનમાં મુલાકાત કરી હતી. અહીં પોલીસ સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને આઈસ્ક્રીમ આપી સ્વાગત કર્યું હતું તેમજ પોલીસ સ્ટેશનમાં લોકપ સહિતના વિવધ ટેબલ પર થતી કામગીરી બીટ કામગીરી અને કાયદોવ્યવસ્થાની સમજણ આપી હતી. પીએમ તાલુકા શાળાના શિક્ષકો વિપુલભાઈ ત્રિવેદી, માધવીબેન બીપીનભાઈ સહિતના શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે જોડાયા હતા.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૦ | ૧૫૭૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૯૦ | ૧૨૧૦ |
| ૩ | મગફળી | ૧૦૧૫ | ૧૩૪૫ |
| ૪ | તલ સફેદ | ૧૬૩૦ | ૨૦૬૦ |
| ૫ | જીરૂ | ૩૨૨૦ | ૩૯૦૦ |
| ૬ | ઘઉં | ૪૭૫ | ૫૪૫ |
| ૭ | ચણા | ૯૭૦ | ૧૦૯૦ |
| ૮ | અડદ | ૯૧૦ | ૧૨૧૦ |
| ૯ | સોયાબીન | ૭૯૦ | ૮૫૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૧ | ૧૫૦૦ |
| ૨ | કપાસ કોડી | ૯૦૦ | ૧૧૯૬ |
| ૩ | મગફળી | ૯૦૫ | ૧૨૫૧ |
| ૪ | ચણા | ૯૪૫ | ૧૦૦૦ |
| ૫ | અડદ | ૯૮૫ | ૧૨૪૫ |
| ૬ | ધાણા | ૧૫૫૧ | ૧૫૭૦ |
| ૭ | શીંગદાણા | ૧૦૮૫ | ૧૩૩૦ |
| ૮ | સોયાબીન | ૭૦૦ | ૮૩૨ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૮૦ | ૧૨૭૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૯૦૦ | ૯૦૦ |
| ૩ | ગીરનાર શીંગ | ૯૫૫ | ૧૩૫૮ |
| ૪ | શિંગ મોટી | ૮૦૦ | ૧૪૦૦ |
| ૫ | શિંગદાણા | ૧૧૦૦ | ૧૩૮૧ |
| ૬ | તલ સફેદ | ૧૦૯૦ | ૨૩૦૦ |
| ૭ | તલ કાળા | ૨૮૭૫ | ૪૧૯૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૬૯૦ | ૨૪૪૫ |
| ૯ | બાજરો | ૩૮૦ | ૭૩૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૪ | ૫૭૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૬ | ૫૭૧ |
| ૧૨ | મગ | ૧૬૦૫ | ૧૬૦૫ |
| ૧૩ | અડદ | ૯૪૦ | ૧૩૮૦ |
| ૧૪ | ચણા | ૭૯૦ | ૧૧૧૬ |
| ૧૫ | ચણા દેશી | ૧૧૭૧ | ૧૧૭૧ |
| ૧૬ | સફેદ ચણા | ૯૩૫ | ૧૦૭૦ |
| ૧૭ | છોલે ચણા | ૧૩૫૨ | ૧૫૫૦ |
| ૧૮ | કપાસ | ૭૭૦ | ૧૫૪૦ |
| ૧૯ | એરંડા | ૧૦૯૫ | ૧૩૧૭ |
| ૨૦ | જીરૂ | ૨૨૦૦ | ૩૮૪૦ |
| ૨૧ | ધાણા | ૧૨૮૦ | ૧૮૦૦ |
| ૨૨ | મેથી | ૯૪૦ | ૯૪૫ |
| ૨૩ | સોયાબીન | ૭૦૭ | ૮૭૬ |
| ૨૪ | રજકાનું બી | ૨૮૦૦ | ૭૨૦૦ |
| ૨૫ | મરચા લાંબા | ૮૩૦ | ૩૬૮૦ |
| ૨૬ | કાંગ | ૫૨૯ | ૫૫૦ |

## સાવરકુંડલા યશોધરાબેન પંડયાને રાષ્ટ્રીય એવોર્ડ એનાયત થયો

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા નારી શકિત ઉત્થાન ટ્રસ્ટના ફાઉન્ડર તથા વિ હિન્દુ મહાસંગના મહિલા પાંખના ગુજરાત અધ્યક્ષ યશોધરાબેન પંડ્યા જે સાવરકુંડલા શહેરની અંદર મહિલાઓના ઉત્થાન માટે સતત કાર્યશીલ અને પ્રયત્નશીલ રહે છે તેવા યશોદાબેન પંડ્યાને હ્યુમન રાઈટ પ્રોટેક્શન સેલ જેમના તે ગુજરાત રાજયના પ્રદેશ અધ્યક્ષા છે તેમને માનવ અધિકારો તથા મહિલાઓના અધિકારો માટે ઉત્કૃષ્ટ કાર્ય બદલ રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્તથયેલ છે યશોધરાબેન પંડ્યા સમગ્ર ગુજરાતમાં મહિલાઓના ઉત્થાન માટે મહિલા સશકિતકરણ માટે છેલ્લા પાંચ વર્ષોથી કાર્યરત છે ગરીબ વંચિત મહિલાઓને પોતાના અધિકારોથી અવગત કરાવી સમાજમાં તેમનું શોષણ થઈ રહ્યું હોય તો તેમની સામે લડત આપી પોતાના અધિકારો તથા આર્થિક શારીરિક અને માનસિક ત્રણેય રીતે સૂત્ર બનાવવાનું કાર્ય સમગ્ર ગુજરાત લેવલે કરી રહ્યા છે તેમના એન.જી.ઓ. દ્વારા પણ યુવા નારી શકિતને તથા તમામ ઉંમરની મહિલાઓને સેલ્ફ ડિફેન્સ માનસિક સશક્કિરણ તથા આર્થિક મૂળ છે પણ મહિલાઓ આગળ વધી શકે તેના માટે ઘણા બધા કાર્યો થઈ રહ્યા છે સાવરકુંડલા જેવા નાના ટાઉનમાંથી સમગ્ર ગુજરાતના અધ્યક્ષા તરીકે કાર્ય કરી અને એ પણ સર્વોત્તમ કાર્ય કરી અને હ્યુમન રાઈટ પ્રોટેકશન સેલ દ્વારા રાષ્ટ્રીય એવોર્ડ મેળવવો એ સાવરકુંડલા શહેર તથા સમગ્ર નારી શકિત માટે ગર્વની બાબત છે યશોધરા બહેન આવા ઉત્કૃષ્ટ કાર્યો કરતા રહે તથા સમાજના ગરીબ વંચિત અને પીડિતોને ન્યાય અપાવી પોતાના અધિકારોથી અવગત કરાવી આર્થિક માનસિક અને શારીરિક સક્ષમ બનાવતા રહે તેવી શુભેચ્છાઓ.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૧ | ૧૫૨૩ |
| ૨ | મગફળી | ૧૦૨૬ | ૧૩૧૩ |
| ૩ | ચણા | ૭૦૦ | ૯૦૦ |
| ૪ | જુવાર સફેદ | ૯૫૦ | ૯૫૦ |
| ૫ | સોયાબીન | ૫૬૦ | ૮૪૨ |
| ૬ | અડદ | ૯૨૬ | ૯૨૬ |
| ૭ | મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૮ | મેથી | ૮૦૦ | ૮૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૯૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૪૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૭૫૦ | ૨૧૦૧ |
| ૪ | તલ કાળા | ૩૫૦૦ | ૪૭૦૦ |
| ૫ | જીરૂ | ૩૪૦૦ | ૩૯૦૦ |
| ૬ | કપાસ | ૧૨૫૦ | ૧૫૬૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૮૨ | ૫૫૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૭ |
| ૯ | બાજરો | ૩૯૧ | – |
| ૧૦ | મગ | ૧૩૧૫ | – |
| ૧૧ | અડદ | ૭૫૦ | ૧૧૦૦ |
| ૧૨ | ચણા | ૮૫૦ | ૧૦૪૭ |
| ૧૩ | તુવેર | ૮૦૦ | – |
| ૧૪ | મેથી | ૯૦૦ | – |
| ૧૫ | ધાણા | ૯૦૦ | ૧૪૦૦ |
| ૧૬ | સોયાબીન | ૭૨૩ | ૮૬૦ |

પાના ૧ ઉપરનું ચાલું **લીલીયા મોટાનાં વાઘણીયામાં ગૌચરમાં**

ઉઠવા પામી છે. રાત્રિના આ ગૌચરમાં સિંહોને રંજાડ સાથે લાઈન શો થતા હોવાથી આ વિસ્તારનાં માલધારીઓ પોતાના પશુઓને ચરિયાણ માટે લઈ જાય ત્યારે સિંહો દ્વારા માલધારીઓના પશુઓ પાછળ હેરાન કરતા હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે. ત્યારે વાડ ચીભડાં ગળે તેવો ઘાટ લીલીયા વનવિભાગના અમુક પેધી ગયેલા કર્મીઓ સાથે અમુક વનવિભાગને વ્હાલા થતા તત્વોની મેલી મુરાદથી પોતાના મહેમાનો માટે લાઈન શો કરીને પોતાની આજીવિકાઓ સાથે રોજગાર બનાવ્યો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે બૃહદ ગીરના લીલીયા વિસ્તારમાં વનવિભાગના ઉચ્ચ અધિકારીની ઢીલી નીતી કારણભૂત હોવાથી ગુજરાતનું ઘરેણું ગણાતા સિંહોની માઠી દશા બેઠી હોવાનું જાણવા મળે છે.

સંકુલ KG થી PG
સૌરાષ્ટ્ર ગુજરાતનું
નામાંકિત ગર્લ્સ સંકુલ
Since 1997
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ
ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

### તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૭૧/૨૦૨૫ — તા. ૧૫/૧૨/૨૦૨૫

**વિવાદી : શ્રી જમીલાબેન સતારભાઈ મેતર, સી/ઓ નગરપાલિકા શોપીંગ સેન્ટર, મુ. દામનગર, તા. લાઠી, જિ.અમરેલી. મો. ૯૬૨૪૭૦૯૯૮૭**

**અરજદારશ્રીના વિ.વ.શ્રી રીઝવાન આર. ચુડાસમા, ઠે. નગરપાલિકા શોપીંગ સેન્ટર દુ.નં. ૧૪, તા. લાઠી, જિ. અમરેલી**

:: વિરૂધ્ધ ::

**પ્રતિવિવાદી : જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – ચીફ ઓફિસરશ્રી, મુ.દામનગર, તા. લાઠી, જિ.અમરેલી.**

**–: જાહેર નોટિસ :– (જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. દામનગર ગામનાં રહીશ આ કામના અરજદારશ્રીના પોતાનો **જમીલાબેન સતારભાઈ મેતારનો જન્મ તા. ૦૫/૦૨/૧૯૭૭ના રોજ દામનગર, તા. લાઠી, જિ. અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મ નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મ નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા. ૧૦/૧૨/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ–મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખું હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં **મુદ્દત તા. ૧૫/૦૧/૨૦૨૬ના રોજ બપોરનાં ૩–૩૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સિક્કો

તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૭૫ |
| ૨ | ઘઉં લોકવન | ૩૫૦ | ૫૩૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| ૪ | વાલ | ૧૧૬૫ | ૧૧૬૫ |
| ૫ | ચણા | ૮૩૫ | ૧૦૫૦ |
| ૬ | ધાણા | ૧૧૦૦ | ૧૭૨૫ |
| ૭ | મેથી | ૭૫૦ | ૭૫૦ |
| ૮ | મગ | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૯ | બાજરો | ૫૫૦ | ૫૫૦ |
| ૧૦ | સોયાબીન | ૫૦૦ | ૮૫૨ |
| ૧૧ | મગફળી | ૭૩૦ | ૧૨૦૦ |
| ૧૨ | તલ સફેદ | ૧૭૦૦ | ૧૯૬૦ |
| ૧૩ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૩૩૫ |
| ૧૪ | મકાઈ | ૫૨૦ | ૫૨૦ |
| ૧૫ | લસણ | ૫૩૦ | ૧૨૦૫ |
| ૧૬ | ચણા છોલે | ૧૩૦૫ | ૧૩૦૫ |
| ૧૭ | ચણા સફેદ | ૮૦૦ | ૧૦૦૦ |




### જાહેર નોટિસ

મોજે :– માણેકવાડા, તા. બગસરા, જિ. અમરેલી

અમો **યોગેશભાઈ ડી. દવે,** (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નં. | રેવન્યુ સર્વે નં. | હે.આરે. ચો.મી. | આકાર રૂા. | ખાતેદારનું નામ |
|---|---|---|---|---|---|
| માણેકવાડા, તા. બગસરા જિ. અમરેલી | ૫૭૯ | ૨૧૧/૪બ–૧૧ | ૧–૫૮–૮૪ | ૧૨.૦૦ | ૧. હબીબભાઈ કેશરભાઈ દલ<br>૨. ધરણાંતભાઈ વેજાણંદભાઈ કરમુર<br>૩. ઈલીયાસભાઈ સતારભાઈ ગાજીયાણી |

ઉપરોકત કોલમ વાળી ખેતીની જમીન અમારા સંયુકત નામે આવેલ છે, આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલિકીની, બિનબોજાની, બિન તકરારી તથા ન દાવાવાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રી રૂપારેલિયા અરવિંદભાઈ ગિરધરભાઈ રહે. ગોંડલ એ ખરીદ કરવાનું નકિક કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ,/ ખેતી / ગણોત, લીઝ લાયસન્સ/કબ્જો ભોગવટો/બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો–તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૭ (સાત)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે. તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૧૮/૧૨/૨૦૨૫, ગુરૂવાર**
**સ્થળ : કુંકાવાવ મોટી**

**અમો અરજદારની સુચના અનુસાર**

**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)

**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જિ. અમરેલી. મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૭૦ | ૧૪૧૪ |
| ૨ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૬૦૦ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૫૧૧ |
| ૪ | બાજરો | ૩૮૧ | ૬૦૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૦૦ |
| ૬ | જુવાર | ૭૦૦ | ૯૩૫ |
| ૭ | મગ | ૬૦૦ | ૨૯૦૧ |
| ૮ | મઠ | ૮૦૦ | ૧૦૦૦ |
| ૯ | ચણા | ૮૦૫ | ૧૦૪૧ |
| ૧૦ | સોયાબીન | ૬૨૬ | ૮૪૩ |

# શેડુભાર ગામે હર ભોલે પંચસ્તરીય મોડલ ફાર્મમાં પ્રેરણા પ્રવાસ યોજાયો



અમરેલી તાલુકાના શેડુભાર ગામમાં આવેલ હર ભોલે પંચસ્તરીય મોડલ ફાર્મ ખાતે ખેડૂતો માટે પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ કુદરતી અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ અંગે ખેડૂતોમાં જાગૃતિ ફેલાવવાનો હતો. પ્રેરણા પ્રવાસ દરમિયાન પંચસ્તરીય ખેતી પદ્ધતિ, ઓછા ખર્ચે વધુ ઉત્પાદન અને જમીનની ઉર્વરતા જાળવવાના ઉપાયો અંગે વિગતવાર માહિતી આપવામાં આવી. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને જીવામૃત તૈયાર કરવાની રીતનો જીવંત ડેમો બતાવવામાં આવ્યો હતો. જીવામૃતમાં ઉપયોગમાં લેવાતી સામગ્રી, તેની તૈયારીની પ્રક્રિયા, ઉપયોગની યોગ્ય માત્રા અને પાક પર થતી સકારાત્મક અસર વિશે નિષ્ણાતોએ વિસ્તૃત સમજ આપી હતી. જીવામૃતથી જમીનમાં રહેલા સુક્ષ્મજીવો સક્રિય થાય છે, જમીનની ગુણવત્તા સુધરે છે અને રાસાયણિક ખાતર પર આધાર ઘટે છે તે બાબતે ખાસ ભાર મૂકવામાં આવ્યો. પ્રેરણા પ્રવાસમાં આસપાસના ગામોના ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતોએ મોડલ ફાર્મની મુલાકાત લઈ વિવિધ પાકો, વૃક્ષો અને ખેતી પદ્ધતિઓ નિહાળી અને પ્રશ્નોત્તરી દ્વારા પોતાના સંશયો દૂર કર્યા હતા. આયોજકોએ જણાવ્યું કે આવી પ્રવૃત્તિઓથી ખેડૂતો કુદરતી ખેતી તરફ પ્રોત્સાહિત થશે અને ખેતી વધુ નફાકારક બનશે.

# અમરેલીનાં બાબાપુર ખાતે જીવન સંગીત શિબિરનો થયો પ્રારંભ






તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

અમરેલી સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુરમાં અમર શ. શ્રદ્ધેય પૂ.લાલજીગુરૂજી તથા સ્વ પૂ.બાલુ કાકા તેમજ પૂ. દાદા (શ્રી ગુણવંતરાય પુરોહિત) અને પૂ.મોટા બા (શ્રીમતી હસુમતીબેન પુરોહિત)ની પાવન સ્મૃતિમાં જીવન સંગીત શિબિરનો ઉદ્ઘાટન તારીખ ૧૮/૧૨/૨૦૨૫ના રોજ કરવામાં આવ્યો. શિબિરની શરૂઆત સરગમ ગ્રુપ દ્વારા ગીત રજૂ કરી, મુખ્ય મહેમાન શિક્ષણવિદ ડો. ભદ્રાયુ ભાઈ વચ્છ રાજાની દ્વારા દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી, શિબિરમાં સંસ્થા નિયામક મંદાકિની બેન .જી. પુરોહિત હાજર રહ્યા શિબિર ૬ દિવસની હોય જુદા જુદા જૂથમાં કાર્ય કરવામાં આવશે, સંગીતના ૭ સૂર આધારિત જીવન શિબિર, જીવન નિર્માણ, ચારિત્ર નિર્માણ કરવા માટે વિદ્યાર્થીઓમાં ચારિત્ર નિર્માણની ભાવના જાગે, રાષ્ટ્ર નિર્માણની ભાવના જાગે તેવા હેતુથી શિબિરનું આયોજન કરવામાં આવ્યું, સવારમાં વિદ્યાર્થીઓને યોગ, પ્રાણાયામ સાંજે સમૂહ રમતો, રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવશે. આજના ઉદ્ઘાટન સમારોહમાં ડો. ભદ્રાયુભાઈએ વિદ્યાર્થીઓને જીવન સંગીત હોય ખરૂ ? તેઓ પ્રશ્ન પૂછી, જીવન સંગીત માણવા માટે પોતે ઘડાવું પડે, તેમ જણાવી વિશેષ જણાવ્યું કે પોતાની ભૂલોને ઓળખવા જેવી બીજી કોઈ મોટી હિંમત નથી તેમ જણાવી વિદ્યાર્થીઓને પોતાની ભૂલને ઓળખો અને જીવન સંગીત બનાવવાની પ્રેરણા આપી. ઉદ્ઘાટન સમારોહમાં સંસ્થાના નિયામક આદરણીય મંદાકિની બેન જી. પુરોહિત દ્વારા પ્રેરક ઉદ્બોધન આપતા વિદ્યાર્થીઓને સંસ્થાના પાયાના કાર્યકરોના કાર્યોથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા આદરણીય બેન દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરક વાતો કરવામાં આવી. આભાર વિધિ જયંતીભાઈ જોશી દ્વારા તથા પરિચય પ્રવીણભાઈ પંડયા દ્વારા આપવામાં આવ્યો. શિબિરનું સમગ્ર આયોજન સંસ્થાના નિયામક આદરણીય મંદાકિનીબેન જી. પુરોહિત દ્વારા તથા મંત્રી મુકેશભાઈ રાજયગુરૂ દ્વારા કરવામાં આવ્યું છે. આજથી ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓની શિબિરમાં ૨૫૦ જેટલા જુદી જુદી શાળાના વિદ્યાર્થીઓ શિબિરમાં ઉપસ્થિત રહ્યા છે.

### સરદાર પટેલની ૭૫મી પુણ્યતિથિ નિમિત્તે

## પત્રકાર અને સામાજિક ચળવળકાર જિગ્નેશ કાલાવડિયા ગોલ્ડન ગાર્ડ એવોર્ડથી સન્માનિત

### સરદાર પટેલ મેમોરિયલ હોલ ખાતે સન્માન કરવામાં આવ્યું




અમરેલી, તા.૧૮

જાણીતા પત્રકાર અને સામાજિક ચળવળકાર એવા જિગ્નેશ કાલાવડિયાનું સરદાર પટેલની ૭૫મી પુણ્યતિથિ નિમિત્તે તેમના જન્મસ્થાન કરમસદ ખાતે આયોજિત એક ભવ્ય સમારોહમાં ગોલ્ડન ગાર્ડ એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

તાજેતરમાં જયારે સમગ્ર દેશ ભારતના રાષ્ટ્ર નિર્માતા અને એકતાના પથ દર્શક પૂર્વ નાયબ વડાપ્રધાન ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ વર્ષ ઉજવી રહ્યું છે ત્યારે કરમસદ ખાતે ૧૫ ડિસેમ્બરના રોજ તેમની પુણ્યતિથી નિમિત્તે ધ સરદાર મિશન અને સરદાર પટેલ શોધ સંસ્થાન દ્વારા એક ભવ્ય એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સમગ્ર દેશમાં વિવિધ ક્ષેત્રોમાં ગણના પાત્ર કામગીરી કરનાર સામાજિક અગ્રણીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં સરદાર પટેલને આદર્શ માની કાર્યરત ૧૨ થી વધુ રાજયોના પ્રખર સામાજિક ચળવળકારો હાજર રહ્યા હતા. ખીચોખીચ ભરેલા કરમસદના સરદાર પટેલ મેમોરિયલ ખાતે આયોજકો દ્વારા જિગ્નેશ કાલાવડિયાના કૂર્મી પાટીદાર સમાજને આંતરરાષ્ટ્રીય સ્તરે સંગઠિત કરવાના પ્રયાસોને ધ્યાનમાં રાખી તેમનું એવોર્ડ દ્વારા વિશિષ્ઠ બહુમાન કરવામાં આવ્યું હતું. આ તકે ધ સરદાર મિશનના પ્રણેતા ચિરાગ પટેલ દ્વારા જિગ્નેશ કાલાવડિયાના સામાજિક પ્રદાનને લોકો વચ્ચે મૂકવામાં આવ્યું હતું. સરદાર સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ એવા ઉત્તર પ્રદેશના તેજ તરાર કૂર્મી આગેવાન ડો. આર. એસ. પટેલ દ્વારા જિગ્નેશ કાલાવડિયાને મેડલ પહેરાવી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે જિગ્નેશ કાલાવડિયા પત્રકારત્વના માધ્યમથી લોકોના પ્રાણ પ્રશ્નોને હંમેશા વાચા આપતા રહ્યા છે ત્યારે તેઓને દેશભરમાંથી પત્રકારત્વ ક્ષેત્રમાં અનેક સુપ્રસિધ્ધ એવોર્ડ અને સન્માન મળી ચૂકયા છે ત્યારે આજે તેમની સામાજિક સેવાનાં એક અલગ જ પાસાને ધ્યાનમાં રાખી તેમનું સરદાર પટેલના જન્મસ્થાન ખાતે સન્માન કરવામાં આવ્યું છે ત્યારે તેમના વિશાળ મિત્ર વર્તુળ અને શુભેચ્છકો દ્વારા તેમને વિશેષ અભિનંદન પાઠવવામાં આવી રહેલ છે. જિગ્નેશ કાલાવડિયા કે જેઓ આંતરરાષ્ટ્રીય કૂર્મી સેનાના સ્થાપક અધ્યક્ષ છે તેઓ દ્વારા પાટીદાર સમાજનાં પ્રાણ પ્રશ્ન વૈવાહિક સમસ્યા પર હાલમાં વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તેઓ પટેલ પરિવાર મેગેઝિનના માધ્યમથી પાટીદાર સમાજની એકતા અને વૈચારિક ક્રાંતિ માટે ખાસ પ્રયત્નશીલ છે.

## બાંભણીયા ખાતે પોક્સો એક્ટ અંગે જાગૃતિ સેમિનાર યોજાયો



અમરેલી, તા. ૧૮

મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત રાજયના માર્ગદર્શન હેઠળ તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી, અમરેલી દ્વારા બેટી બચાવો–બેટી પઢાવો સેલના સહયોગથી કુંકાવાવ તાલુકાના બાંભણીયા ખાતે આવેલી આદર્શ આશ્રમ શાળા ખાતે પોક્સો એક્ટ અંતર્ગત બાળ સુરક્ષા અંગે જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી શૈલેષભાઈ કણઝરીયા દ્વારા બેટી બચાવો– બેટી પઢાવો યોજના વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જિલ્લા બાળ સુરક્ષા એકમમાંથી ગીતાબેન સોલંકી દ્વારા પોક્સો એક્ટ અંગે માહિતી આપવામાં આવી હતી.

આ તકે સરપંચ લાલભાઈ ભુવાના હસ્તે વ્હાલી દીકરી યોજનાના મંજૂરી હુકમ એનાયત કરવામાં આવ્યા હતા. એફ.એસ.એલ, મીનાક્ષી બહેન દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. ચાઈલ્ડલાઈન પ્રતિનિધિ સુનિતા બહેન દ્વારા ચાઈલ્ડલાઈન સેવાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. કાઉન્સેલર રોશનીબહેન દ્વારા મહિલા સહાયતા કેન્દ્ર વિશે માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ગ્રામ પંચાયતના સદસ્ય, બાલુભાઈ માંગરોળીયા, સંસ્થા વતીશ્રી ભવાનભાઈ ચાવડા, મનિષભાઈ ચાવડા, હરિભાઈ રાઠોડ અને શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા, તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### સુશાસનની મહેક : ''અટલ નેતૃત્વ, અવિરત વિકાસ''

## અમરેલીના વતની હંસાબેન જેઠવાને હૃદયની બિમારીમાં 'આયુષ્યમાન કાર્ડ' મદદે આવ્યું

### એઈમ્સ હોસ્પિટલમાં સફળ સારવાર થકી નવજીવન મળ્યું



અમરેલી, તા. ૧૮

સુશાસન (Good Governance) એ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના રાજકીય જીવનનો મૂળભૂત સિદ્ધાંત હતો. જે તેમની લોકશાહી દેશ પ્રત્યેની પ્રતિબદ્ધતા, પારદર્શિતા, લોકોની આકાંક્ષાઓને અવાજ આપવા અને ભારતને સમૃદ્ધ બનાવવાના તેમના વિઝન સાથે જોડાયેલો છે. જેના ભાગરૂપે તેમના જન્મદિવસ એટલે તા. ૨૫ ડિસેમ્બરને ભારતમાં 'સુશાસન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮માં સાર્વત્રિક આરોગ્ય સંભાળના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે આયુષ્માન ભારત–પ્રધામંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY) શરૂ કરવામાં આવી હતી. જેનો લાભ આજે છેવાડાના નાગરિકો–સામાન્ય અને વંચિત નાગરિકો સુધી પહોંચી રહ્યો છે.

અમરેલી જિલ્લામાં એપ્રિલ–૨૦૨૪ થી માર્ચ–૨૦૨૫ સુધી એક વર્ષના ગાળામાં કુલ ૪૮ હજારથી વધુ આયુષ્માન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. રાજયમાં આયુષ્માન આરોગ્ય મંદિરો, આયુષ્માન ભારત ડિજિટલ મિશનનો વ્યાપ સતત વિસ્તરી રહ્યો છે.

અમરેલીના હનુમાનપરા વિસ્તારમાં રહેતા સામાન્ય પરિવારના મહિલા હંસાબેન કનુભાઈ જેઠવાને હૃદયનો દુખાવો થતા તેમને સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલે તકેદારીના ભાગરૂપે ઝડપી સારવાર અર્થે એઈમ્સ હોસ્પિટલમાં જવા સૂચન કર્યુ હતું. તેમના પૌત્ર દેવેન્દ્રભાઈએ તત્કાલ એઈમ્સ હોસ્પિટલમાં પોતાના બાને દાખલ કર્યા હતા.

હંસાબેનના પૌત્ર દેવેન્દ્રભાઈએ જણાવ્યું કે, અમારા માટે આ કટોકટીનો સમય હતો. બાને હૃદયમાં બે નળી બ્લોક હોવાનું નિદાન થતા ડોક્ટર ટીમે તત્કાલ સફળ સર્જરી–સારવાર કરીને બાને નવજીવન આપ્યું છે. વધુમાં ઉમેર્યુ કે, મારા બા હંસાબેન પાસે પોતાનું આયુષ્માન કાર્ડ હોવાથી અમને નિઃશુલ્કમાં સર્જરી અને સારવાર મળી છે. તેમણે સરકારનો આભાર વ્યકત કર્યો હતો.

સામાન્ય ગરીબ પરિવારો પાસે આરોગ્ય કવચ ન હોવાના કારણે તેમને મોટી અને ગંભીર બિમારી સમયે આર્થિક સહિત અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આજે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના – આયુષ્માન કાર્ડ ગરીબો માટે આશિર્વાદરૂપ બન્યું છે, સામાન્ય નાગરિકો સુધી આરોગ્ય સુવિધાઓ પહોંચી રહી છે. આ યોજના અન્વયે ગરીબ, વંચિત પરિવારોને આરોગ્ય કવચ મળ્યું છે.

## સાવરકુંડલા : ગ્રાહક સુરક્ષા જાગૃતિ કાર્યક્રમની ઉજવણી કરાઈ



સાવરકુંડલા, તા.૧૮

ગ્રાહક સુરક્ષા જાગૃતિ સપ્તાહ ઉજવણી અંતર્ગત, ગ્રાહક સુરક્ષા મંડળ–સાવરકુંડલા દ્વારા બ્રાંચ શાળા નંબર – ૫ માં 'ગ્રાહક સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ'ની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી.આ કાર્યક્રમમાં ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ રમેશભાઈ સી. હિરાણી, કન્વીનર ડો.રવિભાઈ મહેતા તથા જાણીતા પત્રકાર બિપીનભાઈ પાંધી (પાંધીસર) દ્વારા ગ્રાહક સુરક્ષા કાયદાની સમજ આપવામાં આવી. તેમજ હાલ ખૂબ જ ચર્ચામાં છે તેવા સાયબર ફ્રોડ બાબતે બાળકોને ઓનલાઈન ગેમ ન રમવા, અજાણી એપ કે મેસેજ ન ખોલવા, અજાણી લિંક પર કલીક ન કરવા તેમજ ફોનનો સાવધાની પૂર્વક ઉપયોગ કરવા અંગે સમજ આપવામાં આવી. ગ્રાહકના અધિકારો તથા મહત્વ પણ સમજાવવામાં આવ્યા. આ તકે શાળાના આચાર્ય અભિષેકભાઈ પંડયા દ્વારા તમામ મહાનુભાવોનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

કાર્યક્રમને અંતે તમામ વિદ્યાર્થીઓને ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલા દ્વારા પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય સમેત તમામ શિક્ષકગણ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

### સ્વદેશી અભિયાન અંતર્ગત ૨૦-૨૨ ડિસેમ્બર 'સશક્ત નારી મેળો' યોજાશે

## અમરેલીમાં મહિલા આગેવાની હેઠળના લઘુ સુક્ષ્મ ઉદ્યોગો અને તેમના દ્વારા બનાવેલી વસ્તુઓનું વેચાણ થશે

### રાજયમંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષ સ્થાને તા. ૨૦ ડિસેમ્બરે 'સશક નારી મેળો' ખુલ્લો મુકાશે

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાં સ્વદેશી અભિયાન અંતર્ગત 'સશક્ત નારી મેળા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળાના માધ્યમથી મહિલા આગેવાની હેઠળના લઘુ સુક્ષ્મ ઉદ્યોગો અને તેમના દ્વારા બનાવેલી વસ્તુઓને પ્રોત્સાહન પૂરૂ પાડવામાં આવશે. મહિલાઓની ઉદ્યમશીલતાને પ્રોત્સાહન આપતો આ ત્રણ દિવસીય સશક્ત નારી મેળો તા.૨૦ ડિસેમ્બર થી તા.૨૨ ડિસેમ્બર સુધી નુતન હાઈસ્કુલ ગ્રાઉન્ડ, ચિતલ રોડ અમરેલી ખાતે યોજાવાનો છે. જેમાં અમરેલી નગરજનો ને મહિલાઓ દ્વારા ઉત્પાદિત અવનવી વસ્તુઓ ખરીદવાની તક મળશે.

આ મેળામાં તમામ ૧૦૦ સ્ટોલ્સને ડીજિટલ માધ્યમનાં કયુઆર કોડ દ્વારા કેશલેસ પેમેન્ટનો વ્યાપ વધારવા માટેનો પ્રયાસ કરવામાં આવશે. રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને અમરેલી સ્થિત નૂતન હાઈસ્કૂલ ખાતે તા. ૨૦ ડિસેમ્બરે 'સશક્ત નારી મેળો' ખુલ્લો મુકવામાં આવશે.

આ સશક્ત નારી મેળામાં કૃષિ, સહકાર, કુટીર અને ગ્રામ ઉદ્યોગ, વન અને પર્યાવરણ, પશુપાલન, ખેતીવાડી, બાગાયત, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ઈન્ડીયન પોસ્ટ તથા બેંક સહિતના વિભાગોના સંકલનથી ૧૦૦ જેટલા સ્ટોલ્સ રાખવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેના માધ્યમથી સ્થાનિક બ્રાન્ડ્સને પ્રોત્સાહન મળશે, સરકારી યોજનાઓમા જાગૃતિ અને નોંધણીમાં વધારો થશે, લખપતિ દીદી અને ડ્રોન દીદી તથા ખેતીમાં પ્રગતિશીલ ખેડૂત મહીલાઓને સન્માનિત કરવામાં આવશે. જેથી અન્ય મહિલાઓને પ્રેરણા મળે, સ્વ સહાય જૂથોને આર્થિક લાભ માટેની વધુ તકો ઉપલબ્ધ થશે.

આમ, મહિલા આગેવાની હેઠળના આર્થિક અને સામાજિક સશક્તિકરણ માટે જિલ્લા–સ્તરીય પ્લેટફોર્મ મળવાની સાથે સ્વદેશી ઉત્પાદનો, સ્થાનિક હસ્તકલા, એસએચજી ઉત્પાદનો અને મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન મળી રહેશે.

## શાખાનાં પુષ્પો

ડો.અબ્દુલ કલામ એક વખત હૈદરાબાદની નિઝામ હોસ્પિટલમાં પોલિયો ગ્રસ્ત બાળકોને મળવા ગયા, ત્યારે તેના ધ્યાનમાં આવ્યું કે એમના કેલિપર્સ ત્રણ ત્રણ કિલો વજનના છે. જે તેમને ચાલવામાં ઘણી તકલીફ આપે છે. ડોકટરોને પુછતાએ આનો કોઈ ઉકેલ આપી શકયા નહી. ડોકટર કલામ ત્યાંથી સીધા ઈસરોને પ્રયોગશાળામાં ગયા અને આ સમસ્યા એમના વૈજ્ઞાનિકો મિત્રો સામે મુકી. ત્રણ અઠવાડિયાની કઠિન મહેનત પછી રોકેટમાં ઉપયોગી લોખંડમાંથી ૩૦૦ ગ્રામ વજનના કેલિપર્સ તૈયાર થઈ ગયા અને આ કેલિપર્સ બાળકોને પહેરાવતા તેઓ ખુશીથી ઝુમવા લાગ્યા. **સોડમઃ** જરૂરિયાતમંદ પ્રત્યે માત્ર સહાનુભૂતિ દર્શાવાના બદલે જો શકય હોય તો તેની મુશ્કેલીઓ ઓછી થાય તેવા પણ પ્રયત્ન કરવા જોઈએ.

રજુઆત શ્રી અર્જુન ગઢિયા અમરેલી

**શ્રી ગણેશ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ**
**ચિતલ રોડ, અમરેલી**

**: ખાસ સાધારણ સભાની નોટિસ :**

શ્રી ગણેશ કો-ઓપેરટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ,અમરેલીની ખાસ સાધારણ સભા તા.૨૦-૧૨-૨૦૨૫ ને શનિવારના રોજ રાત્રિના ૮:૦૦ કલાકે સોસાયટી કોમન પ્લોટ ગણેશ સોસાયટી, ચિતલ રોડ, અમરેલી ખાતે રાખેલ છે. જે અંગેનો વિગતે એજન્ડા સોસાયટીના નોટિસ બોર્ડ, કોમન પ્લોટની બહાર લગાવેલ છે. તો સર્વે સભાસદ (એક)ને ખાસ હાજર રહેવા વિનંતી

૧. સોસાયટીના પેટા નિયમ મુજબ સમયસર કવોરમ પુરૂં ન થાય તો ૩૦ મિનિટની નોટિસ બજાવી, કવોરમ ફરીથી શરૂ કરવામાં આવશે. જેમાં હાજર સભ્યોને જ કવોરમ ગણવામાં આવશે અને નિર્ણય કરતા બનશે.
૨. મંડળીનું કામકાજ પૂર્ણ થયે દરેક સભાસદ(એક)ને ભોજન સમારંભમાં હાજર રહેવા માટે જણાવવામાં આવે છે.

પ્રમુખશ્રી,
શ્રી ગણેશ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ

### સરપંચ ઉમદા કામગીરી કરે એટલે ગોકુળિયુ ગામ બને

## રાજુલા : પાંચ કરોડ રૂપિયાનાં વિકાસ કાર્યો કરાવનાર સરપંચનું કરાયુ સન્માન

### ધારાસભ્યને અને પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો




રાજુલા, તા. ૧૮

રાજુલા તાલુકા પંચાયત દ્વારા પટેલ સમાજની વાડીમાં નિર્મળ ગુજરાત અંતર્ગત વર્કશોપ રાખવામાં આવ્યો હતો. આ આયોજનમાં તાલુકા જિલ્લા પંચાયતના સદસ્યઓ અને સરપંચઓની અધ્યક્ષતામાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કામોનું ખાતમહૂર્ત તેમજ સન્માન અને કીટ વિતરણનું આયોજન ધારાસભ્ય હીરાભાઈ સોલંકી તેમજ પ્રાંત કલેકટર બરાસરાના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવ્યો હતો.

આજરોજ રાજુલા ખાતે ' નિર્મળ ગુજરાત ૨.૦' અંતર્ગત વર્કશોપમાં હાજરી આપી હતી. જેમાં વર્કશોપ,૧૫% વિવેકાધિન જોગવાઈ ,એટિવિટીના કામો, ડીએમએફ ગ્રાન્ટ, માન સાંસદસભ્ય અને ધારાસભ્યની ગ્રાન્ટના કુલ રૂા.૫,૫૫,૧૧,૧ ૨ ૧ (પાંચ કરોડ પંચાવન લાખ અગિયાર હજાર એકસો એકવીસ) ના વિકાસકામોનુ ઈ ખાતમુહુર્ત કર્યું હતું. ડિજિટલ ગુજરાત અંતર્ગત કોમ્પ્યુટર સહિતની સામગ્રી વિવિધ વિભાગોને અર્પણ કરી હતી.

આ કાર્યક્રમમાં નવનિયુક્ત સરપંચઓ તેમજ સુંદર કામગીરી કરનાર સરપંચઓનુ સન્માન કર્યુ હતું.

આ તકે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી એ જણાવ્યું હતું કે સરપંચ છે એ ગામનો આગેવાન હોય છે અને અત્યારે સરપંચને સરકાર દ્વારા ભરપૂર ગ્રાન્ટ આપવામાં આવે છે. ત્યારે સ્વચ્છતાથી લઈ અને ગામના વિકાસમાં જયાં પણ ધારાસભ્યની ગ્રાન્ટની જરૂર પડે ત્યાં ગમે ત્યારે સરપંચએ જણાવવા અને સરપંચએ જાગૃત રહેવા માટે જણાવ્યું હતું.

આ તકે હરસુરભાઈ લાખણોત્રા, રવુભાઈ ખુમાણ, ધીરજલાલ પુરોહિત, પ્રતાપભાઈ બેપારીયા, શુકલભાઈ બલદાણીયા, બોઘાભાઈ લાડુમોર, હલકુભાઈ બોસ, કનુભાઈ ધાખડા, ધીરૂભાઈ નકુમ, કમલેશભાઈ મકવાણા, ટીડીઓ સરવૈયા સહિતના તાલુકા જિલ્લા પંચાયતના સદસ્યઓ, હોદ્દેદારો, ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ, સરપંચઓ અધિકારીઓ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

**ડો.સાગર બરાસરા** — એન્ડોકાઈનોલોજીસ્ટ
ડાયાબિટીસ,થાયરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત
તા.૨૦/૧૨/૨૦૨૫ - શનિવારે, સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦

**ડો.અંગદ શેઠ** — બેરીયાટ્રીક
ઓબેસીટી, વજન ઉતારવાના નિષ્ણાંત
તા.૨૦/૧૨/૨૦૨૫ - શનિવારે, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

**ડો.મૈત્રેય જોષી** — યુરોલોજીસ્ટ એન્ડ એન્ડ્રોલોજીસ્ટ
કિડની, પથરી અને વ્યંઢત્વના રોગોના નિષ્ણાંત
તા.૨૦/૧૨/૨૦૨૫ - શનિવારે, સાંજે ૦૫:૦૦ થી ૦૬:૦૦

(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)

નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪

**ડોક્ટર હાઉસ અમરેલી** કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડ્યા



"NAARI WELCOMES NEW TEAM MEMBER"



naari HOSPITAL

**ડો. વિજય એચ.નાકરાણી**
એમ.બી., ડી.જી.ઓ.

સ્ત્રી રોગ તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત

: અભ્યાસ :
MBBS: જી.એમ.ઈ.આર.એસ.મેડીકલ કોલેજ,વલસાડ
D.G.O.: સરકારી હોસ્પિટલ, ધોરાજી, રાજકોટ

:: અનુભવ ::
- ૨ વર્ષ સિવિલ હોસ્પિટલ - ધોરાજી
- ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - અમરેલી
- ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - સાવરકુંડલા
- ૨ વર્ષ હાલ નારી હોસ્પિટલ - અમરેલી

- ૫૦૦૦ + નોર્મલ તથા જોખમી ડીલેવરી
- ૧૫૦૦ + સિઝેરીયન
- ૫૦૦ + ગર્ભાશયની કોથળી તથા ગાંઠના ઓપરેશન

**નારી હોસ્પિટલ**
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૩૨૪
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



17 YEARS ANNIVERSARY

**અમરેલી એક્સપ્રેસ** દૈનિકને..

**૧૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે શુભકામના**

અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૬ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા
"અમરેલી એક્સપ્રેસ" દૈનિકના ૧૭માં વર્ષના મંગલ પ્રારંભે
તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ
"અમરેલી એક્સપ્રેસ" વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે
તેવી શુભકામનાઓ...



શુભચિંતક

**શ્રી ડી. કે. રૈયાણી**
કેયુર ડી. રૈયાણી - દર્શન ડી. રૈયાણી
હોટલ દર્શન - દર્શન હાઇટ્સ
: અમરેલી :



17 YEARS ANNIVERSARY

**અમરેલી એક્સપ્રેસ** દૈનિકને..

**૧૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે શુભકામના**

અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૬ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા
"અમરેલી એક્સપ્રેસ" દૈનિકના ૧૭માં વર્ષના મંગલ પ્રારંભે
તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ
"અમરેલી એક્સપ્રેસ" વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે
તેવી શુભકામનાઓ...

**શ્રી વિવેકાનંદ સ્કુલ - બાબરા**
ઉમિયાનગર, ચિતલ રોડ, બાબરા, જિ. અમરેલી.



17 YEARS ANNIVERSARY

**અમરેલી એક્સપ્રેસ** દૈનિકને..

**૧૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે શુભકામના**

અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૬ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા
"અમરેલી એક્સપ્રેસ" દૈનિકના ૧૭માં વર્ષના મંગલ પ્રારંભે
તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ
"અમરેલી એક્સપ્રેસ" વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે
તેવી શુભકામનાઓ...

શુભચિંતક



**શ્રી સંદિપ પંડયા**
એડવોકેટ,ગુજરાત હાઈકોર્ટ
પ્રમુખશ્રી : અમરેલી શહેર કોંગ્રેસ સમિતિ



# આમ આદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના




સચોટ-સટીક
સાતત્યસભર દૈનિક

**વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૬**

લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...

## એજન્ટ/પત્રકારની નિમણુંક કરવાની છે

અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક "અમરેલી એક્સપ્રેસ"નું નિયમિત ડોર ટુ ડોર વેચાણ કરાવી શકે, સ્થાનિક સમાચારો મોકલી શકે અને જાહેરખબરનું કલેક્શન કરી શકે તેવા વ્યકિતઓની રાજુલા, વીજપડી, સા.કુંડલા, દામનગર, વડિયા, ધારી, ખાંભા, નાગેશ્રી, ટીંબી, ડુંગર, ડેડાણ, લાઠી સહિતના ગામોમાં નિમણુંક કરવાની હોય, જે કોઈ વ્યકિત "અમરેલી એક્સપ્રેસ" સાથે જોડાવવા ઉત્સુક હોય તેઓએ નીચેના સ્થળે/સમયે રૂબરૂ અથવા મોબાઈલથી સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

**લવાજમની મુદ્દત**
તા.૦૧-૦૧-૨૦૨૬
થી
તા.૩૧-૧૨-૨૦૨૬

www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩


*માલિક એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)